Lib

S

ધી ઇસમાઇલી સોસાયટી

ગુજરાતી અનુવાદ સીરીઝ નં. ૪

# રોશનાઇ નામા

યાને

## શશ ફસ્લે શાહ નાસિર ખુશરૂ

અનુવાદક

વલીમહમદ નાનજી હુદા

૧૯૪૯

ધી ઈસમાઈલી સોસાયટી

ગુજરાતી અનુવાદ સીરીઝ નં. ૪

# રોશનાઈ નામા

યાને

## શશ ફસ્લે શાહ નાસિર ખુશરૂ

For M/s. A HIRANI AND CO.
Proprietor

અનુવાદક

વલીમહમદ નાનજી હુદા

૧૯૪૯

# પીછાન

**ખુદા એક છે.** તેની જોડી નથી. તેની પહેલાં કોઇ હતું નહીં. બધા કારણોના કારણરૂપ તે એકલોજ છે.

ખુદાતઆલાએ પ્રથમ જે શબ્દ બનાવીને ઉચ્ચાર્યો તે "કુન" યાને "થા" (થઇ જા) એ હતો. અને એ શબ્દના પ્રતાપે સૃષ્ટીનું સર્જન થયું.

ખુદાતઆલાનું સર્વશ્રેષ્ઠ સર્જન "અકલ." આમાંથી જાહેર, નજરે દેખાય એવી અને જાણી શકાય એવી દરેક વસ્તુઓ ઉદ્ભવે છે. તેમજ "અકલ" બાતીન યાને પરોક્ષ પણ છે અને તેના કરતાં કોઇ વસ્તુ વધારે ભવ્ય, વિશાળ કે ઉચ્ચ નથી.

"અકલ" માંથી "નફસ" યાને ચૈતન્ય યાને જીવ ઉત્પન્ન થયું. અને સંપુર્ણતાને પહોંચવા પોતાની પ્રવૃત્તિ આદરી દીધી.

"અકલ" અને "નફસ," આ બન્ને અમર્યાદ શક્તિઓના સંયોગથી જગતની ઉત્પત્તિ થઇ અને જીવની ઉત્પત્તિ અને ફરી તેમાંથી ઉત્પત્તિનું કાર્ય ચાલુ થઇ ગયું અને અવિરત ચાલુ રહેવાનું છે.

મનુષ્યનું ઉચ્ચત્તમ કાર્ય નફસે કુલમાં મળી જવાનું અને તેમાંથી અકલે કુલમાં મળી જઇને અનંત અને અખંડ સુખ પ્રાપ્ત કરી સંપુર્ણતાને પામવાનું છે.

ખુદાવંદતાલાનું ઇન્સાન માટે આ ફરમાન છે. આનું પાલન કરવાથી જ ઇન્સાન અનંત સુખની સંપુર્ણતાને પહોંચી શકે

છે. ખુદાતઆલાની નાફરમાની કરવાથી ખુદાતઆલાનું કંઇ બગડતું નથી પણ ઇન્સાનનેજ નુકશાન થાય છે અને તેની આખરેત ખરાબ થાય છે.

ત્યારે ઇન્સાને શું કરવું ? શું કરવાથી તે દુનિયા ઉપરનું પોતાનું જીવન સફળ કરીને આખેરતના લાભો મેળવી શકે ? આની દોરવણી તેને કોણ આપે શકે ?

આની દોરવણી ફક્ત ઇમામ જ આપી શકે છે. આ માટે ખુદાતઆલાએ કુરઆનમાં ઠેકઠેકાણે પોતાની મખલુકાતને ઇમામની દોરવણી લેવા ઇશારાઓ કર્યા છે.

આ દુનિયામાં "અકલે કુલ" એ સાચા ઇમામ છે. ખુદાઇ કિતાબ કુરઆને મજીદનો ભાવાર્થ સાધારણ અકલ સમજી શકતી નથી. એના ખુલાસાઓ મેળવવા માટે સાચા ઇમામની જરૂર છે.

આ દુનિયામાં આવો શખ્સ, જેમ અકલનો દરજ્જો ઉંચ્ચ જગતમાં (અર્થાત આલમે અલવીમાં) છે તેવા દરજ્જાવાળો હોવો જોઇએ. અને તે ઇમામ છે. તેનામાં પોતાનાં ઇલ્મનાં બળ વડે નફસે કુલની બધી શક્તિઓનો સમાવેશ થયેલો હોવાથી, બન્ને આલમો વચ્ચે એ મધ્યસ્થ તરીકે બનીને, પોતાના દિલની સફાઇથી આત્મિક જગતમાંથી જ્ઞાન મેળવીને ભૌતિક જગતને અસરકારક રીતે એ જ્ઞાન પહોંચાડે છે; કારણ પયગમ્બર સાહેબે પોતાના જીવનનાં અંત સમયે, પોતાના ગાદીવારસો કે જે ખરા ઇમામો છે તેમને તેના ખુલાસાઓ પહોંચાડવાનું કામ સોંપી ગયા છે. (ખુદાતઆલાએ કુરઆને શરીફમાં ફરમાવ્યું છે : "તું માત્ર ચેતવણી આપનાર છે અને દરેક કોમ માટે એક રસ્તો બતાવનાર છે.")

અર્થાત ઈમામે ઝમાનની બયત કરનારને ખુદાવંદતઆલા પાસે પહોંચવા માટે સીધુ માર્ગદર્શન મળી શકે છે અને તે ગુંચવાડામાં કે વહેમમાં પડતો નથી અને એ મુજબ સતપંથે ચાલવાથી અને ઈમામની શનાખત મેળવવાથી તે ઉપલી દુનિયા યાને આલમે અલવીમાં નિવાસ કરવાને પસંદ કરાયેલાની લાયકાત મેળવશે.

મહાન ફિલસુફ દાઈ નાસીર ખુશરોનાં "રોશનાઈ નામા"નો સાર ઉપર મુજબ છે.

તેમણે ઝીણવટભરી ભાષામાં અને દાખલા દલીલો અને કુરઆને શરીફની સંખ્યાબંધ આયાતો ટાંકીને પોતાની ઉપરોકત ફિલસુફી ઘણી સુંદર રીતે સમજાવી છે.

આજથી લગભગ આઠસો વર્ષો પહેલાં નાસીર ખુશરૂએ આ પુસ્તક ફારસી ભાષામાં લખ્યું હતું. તેમને દુનિયા એક મહાન વિચારક અને તત્ત્વવેતા તરીકે સ્વિકારતી હોઈ તેમની કલમથી લખાયેલ આ કૃતિ સત્યના શોધકોને ઘણી ઉપયોગી છે.

આવા તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોનો અક્ષરશઃ તરજુમો કરવો એ ઘણું અઘરૂં કામ છે. મુળ ફારસીમાંથી નામાંકિત રશિયન પ્રોફેસર આઈવેનોએ અંગ્રેજીમાં તેનો તરજુમો કર્યો છે અને અંગ્રેજીમાંથી વિદ્વાન લેખક મી. વલીમહમદ નાનજી હુદાએ સરળ ગુજરાતીમાં તેનું ભાષાંતર કર્યું છે.

ફારસી અને અંગ્રેજી ભાષાઓ નહીં જાણનારાઓને આવો ફિલસુફીનો ખજાનો ભેટ ધરવા માટે તેમને ધન્યવાદ ઘટે છે.

**(આલીજાહ) ગુલામહુસેન એસ. થાવરભાઇ (જે.પી.)**

મુંબઇ તા. ૮ જુન ૧૯૪૯.

# અનુક્રમણીકા


૧. મુળકર્તાની પ્રસ્તાવના. ....................૧

૨. પ્રકરણ પહેલું ખુદાતઆલાના એક હોવા (તવહીદ)ની ઓળખાણ વિષે. ....................૭

૩. પ્રકરણ બીજું ખુદાતઆલા જલલશાનહુના "શબ્દ" યાને કલિમા વિષે ....................૧૯

૪. પ્રકરણ ત્રીજું "નફસે કુલ" તેનો મર્તબો અને કાર્ય વિષે. ....................૩૩

૫. પ્રકરણ ચોથું ભૌતિક જગતમાં મનુષ્ય આત્માઓની ઉત્પત્તિ વિષે. ....................૪૨

૬. પ્રકરણ પાંચમું નાતિક, અસાસ અને ઈમામની જરૂરત વિષે. ....................૬૪

૭. પ્રકરણ છઠું મરણ બાદ મળનાર બદલો અને શિક્ષા વિષે. ....................૭૮

# રોશનાઈ નામા

## યાને

## શશ ફસ્લે શાહ નાસિર ખુશરૂ

**બિસમીલ્લાહ હિર રહેમાન નિર રહીમ.**

**"શરૂ કરૂં છું ખુદાના નામથી જે દયાળુ અને કૃપાળુ છે."**

વખાણ અલ્લાહના કે જેની સિફાતો જાહેર છે, જ્યારે તેની હકીકી જાત (મ' આની) છુપાયેલી છે. તે મખલુકાત દ્વારા પોતાને પ્રગટ કરે છે; જો કે તેજ વેળા તે મનુષ્યની જ્ઞાનેન્દ્રિયોથી તે અકળ રહે છે. લાચારીથી જ્યારે આપણે તેની શક્તિને કબુલ કરીએ છીએ ત્યારે તે આપણી નજીક હોય તેવું દેખાય છે, પણ તેની રચેલી સૃષ્ટીમાં જે આપણે જાણી શકીએ તે દ્વારા તે સરજનહાર છે, એ ભેદમાં ઉંડા ઉતરવા જઇએ ત્યારે તે આપણાથી દુર થઇ જાય છે; શું શરીરો કે આત્માઓ બન્ને અથવા તેમાંનાં કોઇનો તે માલિક છે એમ કહેવું તે, તેને માટે બંધ બેસતું નથી. દરેક ચીજ તેણે પેદા કરી છે અને તેના એકપણા (યકીએ ખીશ) તરીકે તે, "કયારે" "કેટલો"

અને "કેવી રીતે" જેવી હાલતોથી પર છે.

તેની કૃપા (મિન્નત) મહત્તા આપણે પિછાણીએ એ સારૂ, આપણને અજ્ઞાનતાની ઉંઘમાંથી જાગ્રત કરવા પોતાના પસંદ કરેલા પયગમ્બરને મોકલવા જેવી આપણા ઉપર જે મ્હાન ન્યામત તેણે ઉતારી છે તે માટે આપણે તેના અહેશાનમંદ છીએ. પોતાની ઉદારતા અને ગૌરવથી આપણને નીસ્તીમાંથી હસ્તીમાં લાવીને અને પોતાની શનાખતથી અમરજીવન મેળવવાનો રસ્તો ખુલ્લો કરી દઈને, આપણા તરફ એ કૃપા બતાવવામાં આવેલ છે; શુક્રાના માંગીએ તેના એ ખાતર કે, તેના પસંદ કરાયેલાઓ સાથેના આપણા સમાગમ દ્વારા તેની શોધ યાને ખુદાવન્દતઆલાની શનાખતનો માર્ગ, તેણે આપણને બતાવી આપેલ છે; અને શુક્રાના માંગીએ તેના એ ખાતર કે, તેણે પોતાની હિકમતથી આપણને એવા શક્તિશાળી બનાવેલ છે કે, આપણે પરમ સુખમય અને નીરંતર ટકે એવો બદલો મેળવી શકીએ અને અમરધામમાં આપણું સ્થાન પ્રાપ્ત કરી શકીએ. આપણા ઉપર તેણે જે દયા ઉતારી છે, તે માટે આવા શુક્રાના તેને જ ઘટે છે; તેનો જ હું આભાર માનું છું. હું દુઆ માગું છું કે અધર્મી કાર્યોના યોજક, અતિ દુષ્ટ શયતાની લોકોના પ્રપંચોથી આપણને એ બચાવે !

જય હો, આશ્રય દાતાઓનાં આશ્રય દાતા, ખુદાવન્દતઆલાના આજ્ઞાકિત બન્દાઓના આત્માઓના એ નુર, સતપંથથી જેઓ વિખુટા પડી ભટકી પડેલાં છે તેના માર્ગ દર્શક, જીનો અને ઈન્સાનોના અલ્લાહ તરફના રસુલ મહમદ મુસ્તફા અલૈહી સલામનો, અને જય હો અમીરૂલ મોમનીન, જુલ્મગારોને તાબે કરનાર, યોગીઓમાં યોગી, ભક્તજનોમાં ભક્ત, હકીકતી દુઆ ગુજારનારના કિબ્લા, પવિત્ર જનોના મિહરાબ હઝરત મૌલા અલી મુરતઝાનો ! અને જય હો તેમના જાનશીનો ઈમામોનો કે જેઓ, મનુષ્ય જાતના રહેબર, ઈલાહી કિતાબનો મર્મ સમજાવનારા, સત્ય અને માર્ગ દર્શક હિકમત (ઈલ્મે હક્ક વ સિદ્દક)ના વલીઓ, બે જહાનના ઈમામો અને ખુદાતઆલાના ખલીફાઓ (ખલીફતાને ખુદાય) છે. જ્યાં સુધી આકાશ યાને નભોમંડળ ગોળ ફર્યા કરે છે. અને જ્યાં સુધી મુળ તત્ત્વો જીવન કાર્યને સહાય કર્યા કરે છે, અને જ્યાં સુધી નભોમંડળ સ્વતંત્ર સાશ્વતતાનું માપ લીધા કરે છે ત્યાં સુધી, તેમની સ્તુતિ યાને વખાણ ચાલુ રહે !

## કિતાબની શરૂઆત

ઈમામે હક, જીવન મુળતત્વના મૌલા, પોતાના દાદાની ઉમ્મતના રખેવાળના કેટલાએક ભક્તજનો યાને મુરીદોએ

મનુષ્ય સ્વરૂપમાં રહેલા શયતાનોએ કેળવેલી બદીને લીધે, 'મનુષ્યના આત્મા' સંબંધમાં સવાલ પુછયો છે કે,

મનુષ્ય આત્મા શરીરમાં જન્મયો તે પહેલાં એ અસ્તિત્વમાં હતો કે નહિ ?

મનુષ્ય શરીરમાં તેનું શા માટે આવવું થયું ?

અને જ્યારે તે આ શરીર છોડી જશે ત્યારે તે ક્યાં જશે ?

અને ત્યારે તે કેવી હાલતમાં હશે ?

ખુદાની એકતા (તવહીદ) સંબંધમાં લોકોએ કેવી માન્યતા ધરાવવી ?

શરીર ત્યાગ પછી આત્મા બદલો મેળવે એ ખાતર લોકોએ, આત્મિક અને ભૌતિક પ્રકારો (હુદુદે લતીફ વ કસીફ) સંબંધમાં શું સમજવું ?

શું તેની યાને આત્માની પ્રાર્થનાનો હેતુ એ મુળ પ્રકારો યાને સિધ્ધાંતો (હુદુદ) છે ?

જો તેમની બંદગીથી ખુદાતઆલાને કાંઇ ફાયદો અથવા તેમના તેમ નહિ કરવાથી તેને કાંઇ નુકશાન થતું નથી તો પછી, બદલો મેળવવા માટે ખુદાઇ અમ્ર એટલે કે સૃષ્ટિ રચના માટેની ઇચ્છા-અમ્ર પુજવા યોગ્ય શા માટે હોવા જોઇએ ?

અમે આ સવાલોના જવાબો આ કિતાબમાં એવા બીલકુલ ટુંકા સ્વરૂપમાં આપશું કે જે સમજવા માટે તેમને મુશ્કેલી નહિ પડે અને કોઇ પણ વખતે દરેક જણ એ જ્ઞાન પ્રાપ્ત કરવા શક્તિવાન થશે. અમને લાગ્યું કે એ લોકોએ અમને જે સવાલો પુછ્યા છે તેના જ જવાબો આપવા એટલું જ પુરતું છે અને આ કિતાબનું નામ 'રોશનાઇ નામા' અમે એટલા માટે રાખ્યુ છે કે તેમાંની હકીકતો, અંધકારમય દિલોમાં ઉજાસ ફેલાવી અજ્ઞાનતાના કાટને દુર કરે ! આવા ઇરાદાથી આ કિતાબ લખવામાં આવી છે.

અમે આ કૃત્તિને છ પ્રકરણો (ફસ્લ)માં એવી રીતે વહેંચી નાખેલ છે કે ઉપરના વિષયોનો દરેક વિષય ગોતી કાઢવાનું સહેલું બને. આ બાબતમાં ખુદાતઆલા અમને મદદગાર થાય એ માટે અમે દુઆ માંગીએ છીએ એના વસીલાથી કે જે સત્યનો શાહ, દીન દુનિયાનો સુર્ય. ઇન્સાન જાતના ઈમામ, અમિરૂલ મૌમનીન મઅ'આદ અબુતમીમ યાને મુસ્તન સિરબિલ્લાહ છે. મદદ માટે ખુદાતઆલાને વિનવું છું અને માગું છું કે, જ્યાંસુધી જગત કર્મશીલ છે, આસમાનો ગોળ ફર્યા કરે છે અને અવકાશ અને જેમણે તે રોકેલ છે તે હઇયાત છે ત્યાંસુધી ખુદાતઆલાના યશ તેમના ઉપર હોજો ! વઅસ્સલામ !

પહેલી વાત છે ખુદાતઆલાના એકપણા યાને તવહીદની ઓળખાણ વિષે.

બીજું પ્રકરણ-ખુદાઇ કલિમા વિષે છે.

ત્રીજું પ્રકરણ-નફસે કુલ યાને સર્વ વ્યાપી ચૈતન્ય અને તેની કાર્યશીલતા (જુમ્બીશ) બાબતમાં છે.

ચોથું પ્રકરણ-અકકલ અને આત્માની અસલિયાત સંબંધમાં છે.

પાંચમું પ્રકરણ-નાતિક, અસાસ અને ઈમામ અવશ્ય હોવા જોઈએ તે વિષે છે.

છઠું પ્રકરણ-મરણ બાદ મળનાર બદલો અને શિક્ષા અને એના વિવરણ સંબંધમાં છે.

## પ્રકરણ ૧ લું

# ખુદાતઆલાના એક હોવા (તવહીદ)ની ઓળખાણ વિષે.

ઈન્સાન જાત અને ખુદાતઆલા વચ્ચેની કડી રૂપ ઈમામે ઝમામ ઈમામ શાહ મુસ્તનસિરબિલ્લાહ અલહીસલામની દયાથી કહીએ છીએ કે ખુદાતઆલાની વહેદાનિયત (એક હોવાપણા)નું જ્ઞાન પ્રાપ્ત કરવાથી જ મનુષ્ય આત્મા શાશ્વતતા યાને અમરધામ મેળવી શકે છે. ખુદાતઆલાનું આ જ્ઞાન એવા પ્રકારનું છે કે જે એક હાથ ઉપર સગુણવાદ (તસબીહ)થી દુર અને તેને કોઈ પણ સાચા ગુણ રહિત (તઆ'તિલ) બનાવવાના મનના વલણથી મુક્ત હોય છે. "તસબીહ" (સગુણવાદ) અને તઆ'તિલ (નિર્ગુણવાદ) બેઉથી મુક્ત એવું આ જ્ઞાન (ઈસબત) "ખુદા એક" છે એમ જાણવામાં રહેલું છે; આવું જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે કોઈ પણ એમ નથી કહેતો કે ખુદાતઆલા પોતે શક્તિ અને ડહાપણમાં સંપૂર્ણ હોવાથી અજોડ છે, જ્યારે તેનાથી નીચેની પંક્તિવાળા બધામાં સંપૂર્ણ શક્તિ નથી. જો તું એમ કહેતો હોય તો એનો અર્થ એમ થાય કે શક્તિ અને સમજ તેની વહેદત (એક હોવા)ના કારણરૂપ છે.

કારણમાંથી જે કાંઇ ઉત્પન્ન થાય છે તે કારણ ઉત્પાદન કરવાનું પરિણામ હોવું જોઇએ પણ ખુદાતઆલા કોઇ પણ કારણનું પરિણામ નથી. તે એકલાએ જ બધા કારણો પેદા કર્યા છે; એટલા માટે એ અગત્યનું થઇ પડે છે કે તેની તવહીદ (એકપણા)ને કોઇ હદ નથી એમ સમજવું. ખાત્રીપૂર્વક માનવાની અને કહેવાની અગત્યતા છે કે તેની વહેદાનીયત (એક હોવાપણું) એ હકીકતને આભારી છે કે ગણત્રીમાં તે સદા એકજ રહે છે અને એટલા માટે આપણે તે એક છે એમ જાણીયે છીએ. દરેક વસ્તુ કે જેને જોડ હોય છે તે એવું છે કે એકજ જાતના બે નંગ એટલે એક જોટો; પણ ખુદાતઆલાની જોડી બને એવી એજ પ્રકારની કોઇ વસ્તુ જ નથી. ના, તમારે તેને બિલકુલ એકલો પહેલી હસ્તી યાને સર્વવ્યાપક બુદ્ધિ 'અકલે કુલ'થી નીચે જે અસ્તિત્વમાં છે તે દરેક ચીજના સરજનહાર તરીકે સમજવો જોઇએ. ખુદાવંદતઆલાએ એને યાને અકલે કુલને 'સુનકારમાંથી સુન' તરીકે કોઇને પણ મધ્યસ્થ તરીકે રાખ્યા વગર-કે જે પહેલાં કારણ યાને અકલે કુલના કારણરૂપ પોતે જ બની જાત-પોતાને જ પોતાના કારણરૂપ બનાવીને ઉત્પન્ન કરેલ છે. બધા કારણોના કારણરૂપ એને જ પહેલા કારણ તરીકે તમારે ગણવાના છે. જ્યારે તે યાને

ખુદાતઆલા કોઈના કારણરૂપ હોવાથી અથવા કોઈ વસ્તુના પોતે કારણભુત હોવાથી મુક્ત છે અને તમારે એ જાણી લેવું જોઈએ કે ખુદાતઆલાએ પહેલાં કારણને 'સુનકારમાંથી સુન' તરીકે ઉત્પન્ન કરેલ છે. તેને યાને ખુદાને તેના એકપણામાં કાંઈપણ વધારો (અફ્ઝુની) સંભવે નહિ. જો કદાચને બધી હસ્તીઓ (હસ્તીહા) નો નાશ થાય તો પણ તેના એક હોવા (વહેદાનીયત)માં તેને કાંઈ ઊણપ (નુકશાન) આવતી નથી; કારણકે તેને અસ્તિત્વમાં લાવનાર ખુદાઈ ગવહર (હુવીય્યત) હતો. કારણ અને કારણભુત, ગુણ અને ગુણવાળું, હદ અને હદવાળું, જેવી હાલતો ન તો તેને લાગુ પડી શકે છે કે ન તો તેનાથી જુદી પડી શકે છે. ન તો કોઈ તેની સમાન છે અને કદિયે હતું કે જેથી તે ભળવાથી તેનામાં કાંઈ વધારો થાય અથવા તેમના વગર તેનામાં કાંઈ ઉણપ આવે. તે અસ્તિત્વ કે બીનઅસ્તિત્વથી પર છે અને તમારે એ ખાત્રીપુર્વક માની લેવું કે તેને લાયકનું જે કાંઈ અસ્તિત્વ ગણવામાં આવે તેને, તેની વિરૂધ્ધની બાજુ તેના બીનઅસ્તિત્વપણાને પણ ગણવું પડશે જ, પણ જેનું અસ્તિત્વ જ ન હોય તેને બીન અસ્તિત્વપણું હોય એમ કોઈ માનેજ નહિ, કારણ કે અસ્તિત્વ અને બીન અસ્તિત્તવ એક બીજાનું ખંડન કરે છે. વળી જેને

પરસ્પર સંબંધસુચક વિરુદ્ધ અસ્તિત્ત્વ હોય તે ખુદા હોઇ શકે નહિ.

વળી તમારે એ પણ જાણવું જોઇએ કે જે કોઇ ચીજનો ખ્યાલ બીજી કોઇ ચીજથી આવી શકે અને તે વગર તેનો વિચાર જ ન થઇ શકે તો તે (મુજફ ઇલાય-હી) પરસ્પર સંબંધધારક કહેવાય છે. પરસ્પર સંબંધધારક દરેક વસ્તુ ગમે તેમ તો પણ મખલુક યાને પેદા થયેલી છે. ખુદાતઆલાને રૂપાલંકાર અર્થે અથવા તર્કશાસ્ત્ર રીતે અનુમાને કરેલાં (માનીઝવ વ ઝરૂરત) સિવાય કોઇ વસ્તુ સાથે સંબંધ (ઇઝાફત) નથી. યાને તેની કોઇ ચીજ સાથે સરખામણી થઇ શકતી નથી. આ કારણથી અમે કહીએ છીએ કે જગત અને તેનો સરજનહાર બેઉ, કારણનાં પહેલાં પરિણામ કે જે ‘અકલ’ છે તેના નીચે હોવા જોઇએ. સબબ કે જીસ્માની જગતનું તકદીર રચનાર (તકદીર-કુનનદાઇએ આલમે જીસ્માની) નફસેકુલનો દરજ્જો ‘અકલ’થી નીચે છે, નફસ છે એ જગતનો (ખરો) સરજનહાર છે અને જગત તેની રચેલી સૃષ્ટી છે. જો જગતને નફસ સાથે સંબંધ (દરખુર્દ) ન હોત તો તે તેનામાંથી (નફસમાંથી) ગુણધર્મ મેળવી શકત નહિ એટલા ખાતર નફસ સાથેનો સંબંધ (દરખુર્દ) ગૌહરની સંજ્ઞાથી ઓળખાય છે. જગત તે જીસ્માની પદાર્થ, ગૌહરે “કસીફ”

અને નફસ એ રૂહાની પદાર્થ, "લતીફ" છે, જગતનો પદાર્થ પણ પોતાનું સ્વરૂપ "સુરત" નફસ પાસેથી મેળવે છે. એમ છતાં ખુદા "એક" તરીકે ગૌહરને ગૌહર બનાવનાર છે, તે તો સમજી શકાય એવા ગૌહર પદાર્થથી પર છે. તવહિદ સંબંધી ચર્ચા વખતે શબ્દોમાં આ બાબતો સમજાવવાની મુશ્કેલ હોવાને લીધે, લાક્ષણિક રીતે તર્કશાસ્ત્રથી અનુમાન કર્યા સિવાય તેના વિષે સીધી રીતે, કાંઇ વર્ણન નથી થયું એનું એજ કારણ છે. આ બાબતને વધારે સ્પષ્ટ રીતે સમજવા અને એની સચ્ચાઇ પુરવાર કરવા માટે એક દષ્ટાંત આપી શકાય.

### એક દ્રષ્ટાંત.

જો કોઈ માણસ એક મુઠી ખજુર અને ઘાસ પકડે અને થોડીવાર પછી તે ફેંકી દે તો જ્યારે તેણે તે ચીજો પકડી રાખી હતી ત્યારે અને તે ફેંકી દીધી ત્યારે તેનો તેજ માણસ રહે છે. કોઇ એમ નહિ કહી શકે કે જ્યારે તેની મુઠીમાં ખજુર અથવા ઘાસ હતું ત્યારે તે વધારે મોટો હતો પણ હમણા તેની પાસે તે નહિ હોવાથી ન્હાનો બની ગયો છે. આનું કારણ એ છે કે ખજુર અથવા ઘાસ તેનો સજાતિય નથી. માણસને બીજા માણસો સાથે સામ્ય હોય છે, અને માણસ અને હેવાન વચ્ચે સામ્ય હોતું નથી. ખજુર અથવા ઘાસને માણસ

સાથે સામ્ય કે બિન સામ્ય જેવું કાંઇ નહિ હોવાથી કોઇ એમ ન કહી શકે કે તે તેણે પકડેલ હતાં ત્યારે તે મોટો હતો અને તે નહિ હોવાથી ન્હાનો બની ગયો છે. જો કે વનસ્પતિયુક્ત ચૈતન્ય (નફસે નામીયા) પદાર્થ તરીકે ઘાસ અને ખજુર સાથે તેને સામાન્ય સંબંધ રહેલો છે.

એટલા માટે ખુદાને કોઇ વસ્તુના કારણરૂપ અથવા કારણભુત ગણવાનું અશકય છે, કારણકે આ બેઉ કોટી તેની બનાવેલી ઉત્પત્તિ છે અને તે પોતે તો આ બેઉથી પર છે. એ સ્થિતિથી પર કે તેની વહેદાનિયતમાં, કોઇપણ કારણરૂપ અથવા કારણભુત બનેલાં કારણોમાંથી તેને કાંઇ લાભ નિપજતો નથી અથવા એ કારણો દુર થાય તો તેથી તેને કાંઇ નુકશાન થતું નથી. આપણે જે આ કહી રહ્યા છીએ તે રૂપક ગણાય એવી દ્રષ્ટિએ કહી રહ્યા છીએ, નહિ કે, વાસ્તવિકતાની દ્રષ્ટિએ; કારણ કે ખુદાતઆલાની 'તવહિદ' બાબતમાં મનુષ્યની ઝબાનમાં તેની હકીકતનો તરીકો બરાબર સમજાવી શકે એવા શબ્દો જ નથી. મનુષ્યની ઝબાન અને બોલનાર બેઉ તેની ઉત્પતિ (મઆલુલ)માં સમાઇ જાય છે અને મનુષ્યની વાચા (નુત્ક) ખુદાતઆલાની ઝાત (હુવ્વીયત) સંબંધીના ખરેખરા ખ્યાલો અને સત્ય બાબેતો ચર્ચવાને અથવા એમાં ઉંડા ઉતરવાને અશક્ત છે. આપણે હમણા કહી

ગયા તેમ આનું કારણ એ છે કે વાચા અને વાચક યાને બોલનાર અકલથી ઉતરતી પંક્તિના છે અને તેથી તે બન્ને પોતાથી ઉતરતી પંક્તિના સિવાયની બાબતોમાં કાંઇ પણ કહી શકે નહિ.

ટૂંકમાં ખુદાતઆલાની તવહીદનાં સિધ્ધાંત સંબંધમાં તમારે એટલુંજ જાણવાની જરૂર છે કે રૂહાની કે જીસ્માની જે જે હસ્તીયો છે તે બધી તવહીદમાંથી ઉત્પન્ન થયેલી છે અને એ તમારે જાણવાની જરૂર છે કે, તેને ઉત્પન્ન કરનાર તે 'એકલો' છે કે જેણે સુનકારમાંથી સુન (ન અઝ નીસ્ત) નિપાવેલ છે કારણ કે તેનું પોતાનું અસ્તિત્ત્વ, સ્વયંભુ અસ્તિત્ત્વ કે બિનઅસ્તિત્ત્વથી પર છે.

તમારે એ જાણવાની જરૂર છે કે જે અસ્તિત્ત્વમાં છે તેને તેની સામી બાજુ તરીકે બિન અસ્તિત્ત્વ હોય છે યાને નામ તેનો નાશ છે અને જેનું અસ્તિત્ત્વ નથી તેના બિનઅસ્તિત્ત્વ માટે વિધાન કરેલ હોવાનું અશકય છે. આ બેઉ સ્થિતીઓ એકબીજાનો વિરોધ કરે છે. અને જેને વિરૂધ બાજુ હોય તે ખુદા હોઈ શકે નહિ. ખુદા એ છે કે જેણે હસ્તીએ નુ ખુસ્ત યાને આદિ ઉત્પતિ પેદા કરી કે જેથી અસ્તિત્વ તેમજ બિનઅસ્તિત્ત્વ બન્ને, તેની ઉત્પન્ન કરેલી અને તણેજ એકબીજાથી વિરૂધ મુકેલી જોડી બની રહે. એજ પ્રમાણે ગુણ અને ગુણધારક

બન્ને તેની સત્તા નીચે છે. પણ ખુદ પોતે તો સ્વયંભુ આ બધાથી પર છે, અને કોઇ પણ વસ્તુને તેની સાથે કાંઇપણ સંબંધ નથી. યાને તે અલિપ્ત છે, જેમકે તેણે (કુરાને શરીફ સુરા ૧૧૨ આયાત ૧ માં) ફરમાવ્યું છે કે "કહે કે અલ્લાહ એકજ છે" (કુલ હોવ અલ્લાહો અહદ.)

## અલ્લાહ

આ ચાર અક્ષરો કે જેનાથી અલ્લાહ (અરબીમાં લખાય છે તેમાં તેણે ચાર મુખ્ય મુદ્દા (હદ) સમાવ્યા છે. તેમાંનાં બે રૂહાની અને બે જીસ્માની છે કે જેના થકી ખુદાની "વહેદાનિયત" પિછાણી શકાય છે. તેમાંનો એક અક્ષર અલિફ (અ-ا) છે કે જે એક સીધી લીંટી છે, જેને બધા અક્ષરો જોડાઇ શકે છે તે કોઇ પણ અક્ષર સાથે જોડાઇ શકતો નથી. બધા અક્ષરો તેના થકી પોતાનો વળાંક (તરતીબ) લે છે; કારણ કે જેટલા અક્ષરો છે તે બધાં આડીઅવળી વળેલી લીટીઓ છે. અલિફ એ "અકલે કુલ"નું રૂપક છે કે જેમાંથી તમામ રૂહાની તેમજ જીસ્માની હસ્તીયોએ પોતાનું અસ્તિત્ત્વ પ્રાપ્ત કરેલ છે અને તે બધી હસ્તીઓ તેની સાથે જોડાયેલી છે. જ્યારે તે પોતે તો એ બધી ચીજોથી પર હોવાથી પોતાની શક્તિને લીધે કોઇ સાથે જોડાયેલ નથી.

બીજો અક્ષર લામ (લ J) છે કે જે એવી લીંટી છે કે જેનો નીચેનો ભાગ એવી રીતે આગળ ખેંચાયેલ છે કે તે લંબાઈ અને પહોળાઈ ધરાવનાર સપાટી જેવો લાગે છે. તે લાગે છે તો "અફિલ" જેવો પણ બીજા અક્ષરો બેઉ બાજુથી તેની સાથે જોડાય છે તેમ તે પોતે પણ બીજા અક્ષરો સાથે જોડાય છે. "લામ" "નફસે કુલ"નું રૂપક છે કે જેની બધી બાજુઓથી રૂહાની અને જીસ્માની બન્ને હસ્તીઓ જોડાયેલી છે, અને તે "અકકલ" સાથે સામ્ય ધરાવે છે કે જેમ "લામ" "અલિફ" સાથે ધરાવે છે.

ત્રીજો અક્ષર પણ "લામ" છે, જે જો કે તેની પહેલાંના અક્ષર જેવો છે છતાં એ અલીફના ફક્ત અર્ધા અંશ જેવો છે. તે "નાતિક"નું રૂપક છે કે જે બધી બાજુએથી નફસે કુલ સાથે જોડાયેલ છે અને તેના તરફથી દીની જ્ઞાન કે જે ત્રીજી દુનિયા છે તેના બંધારણના કામમાં મદદ (તાય્યદ) મેળવે છે. પહેલી દુનિયા રૂહાની હસ્તીઓનું જગત (લતીફ) છે. બીજી દુનિયા જીસ્માની જગત (કસીફ) છે અને ત્રીજી દુનિયા દીની જગત છે. દીની જગતમાં જેવો દરજ્જો પેલી દુનિયામાં અક્કલનો છે તેવો દરજ્જો નાતિક ધરાવે છે. જેવી રીતે કે આ બીજા લામને પણ "અલિફ" સાથે સામ્ય રહેલું છે.

તેમાનો એટલે કે અલ્લાહ શબ્દનો ચોથો અક્ષર હે (હ) છે કે જે લંબાઇ પહોળાઇ અને ઉંચાઇ ધરાવનાર આ જીસ્માની દુનિયાનું રૂપક છે. તેનો દરજ્જો "અલિફ"થી ચોથો છે. તે એવા પ્રકારનું વર્તુળ છે કે જેનો (લીંટીનો એક) છેડો નીચે થઇને લીંટીના બીજા છેડા સુધી જાય છે. તે "અસાસ"નું રૂપક છે કે જેનો સંબંધ નાતિક સાથે છે કે જે, જેમ આ દુનિયાને લંબાઇ પહોળાઇ અને ઉચાઇ છે અને તે, કાચી ધાતુ, વનસ્પતિ અને પ્રાણીઓ તેમજ ખાદ્ય ખોરાકીના પદાર્થો જેવી વસ્તુઓમાંથી મનુષ્ય શરીરો માટે શરહ યાને વિવરણ મેળવે છે. બરાબર તેજ મુજબ નફસે કુલના બળથી શરીઅતના પોતાના શરહ યાને વિવરણ સંબંધમાં, તેની તાય્યીદ (મદદ) મેળવે છે. જેવી રીતે અક્ષર 'હે' (હ.) કે જે લીંટીના બેઉ છેડાઓથી એક છેડો પાછો વળીને બીજા છેડા સુધી જોડાયેલા વર્તુળ જેવો અક્ષર છે તેવી રીતે, મખ્લુકાત પોતાની અસલીયાત (અવ્વલ)ને પાછી થઇને મળે એ ખાતર અસાસ મોમીનોની રૂહાનીયોને ખુદાતઆલાની તવહીદ અને આલમે અલવી યાને ઉચ્ચતરે દુનિયાનાં સિધ્ધાંતોનો રસ્તો બતાવનાર શરીયતના અર્થ (બયાન) તરફ પાછા વાળે છે.

ત્યારે ભાઇ તું અમે ઉપર જણાવી ગયા તે, ચાર

રૂહાની હદોને લગતી કુરાને શરીફની આયાતમાં ખુદાવન્દતઆલાએ જે ફરમાવેલ છે તેનો અર્થ સમજી જંજે.

તે ચાર અક્ષરો તેણે ઉત્પન્ન કરેલી ચીજો છે. ત્યારપછી તે યાને ખુદાતઆલા ફરમાવે છે કે "અલ્લાહુ સમદ" યાને ખુદા બેનિયાઝ અથવા "સ્વતંત્ર" અથવા "અકળ" "અનંત" "અવિનાશી" "મઆબુદ" છે. એમાં એનો કહેવાનો અર્થ એમ છે કે આ ચાર 'હદો' મુળ ખુદાતઆલાએ પેદા કરેલી છે અને બધાની ફઝીલત યાને મહાનતા શું રૂહાની કે શું જીસ્માની તેમના ઉપર આધાર રાખે છે. આનું કારણ એ છે કે જીસ્માની હસ્તીયો 'નાતિક' અને 'અસાસ'ના તાબામાં છે જ્યારે રૂહાની બધી હસ્તીયો 'અકલ' અને 'નફસ'ના તાબામાં છે અને આ જીસ્માની અને રૂહાની હસ્તીયો આ ચાર 'મુળ' કે જે તેમનાથી ઉચ્ચતર છે તેમાંથી પોતાની ફઝીલત મેળવે છે.

ત્યારબાદ ખુદાતઆલા ફરમાવે છે કે 'તેણે કદી જન્મ આપ્યો નથી અને તેને કોઇએ જન્મ આપ્યો નથી.' આની મતલબ એ છે કે જેવી રીતે એક ચીજ બીજીમાંથી જન્મે છે તે તેના જેવીજ હોય છે, તેવી રીતે જે કાંઇ આ બે આત્મિક મૂળો રૂહાનીની નીચેનું છે તે બધું તેમનાં

જેવું છે અને જેમ એક વસ્તુ બીજીમાંથી ઉત્પન્ન થઇ હોય તેમ તેમાંથી ઉત્પન્ન થયેલ છે.એજ પ્રમાણે આ સ્થુલ જગત (જીસ્માનીયત)માં જે કાંઇ તેનાથી યાને ખુદાતઆલાથી ઉતરતું છે તે બધું નાતિક અને અસાસથી જન્મેલ નફસાની જ્ઞાન (ઇલ્મ)ની પેદાશ છે અને જે કોઇ કોઇમાંથી જન્મેતે આખરે એક દિવસ તેના જન્મદાતા જેવું બને છે અને રૂહાની કે જીસ્માની કોઇપણ દુન્યવી ચીજ, તેની યાને ખુદાવન્દતઆલાની જોડીદાર કદી બની શકે નહિ.

ત્યારબાદ તે યાને ખુદાવન્દતઆલા ફરમાવે છે કે 'અને તેની સમાન કોઇ નથી' આની મતલબ એ છે કે રૂહાની કે જીસ્માની આલમમાં જે કાંઇ અસ્તિત્વમાં છે તે વારાફરતી એક બીજાને મળતાં આવે છે. આ એ વાતની સાબીતી પુરી પાડે છે કે ખુદાવન્દતાઆલા એજ તેઓને એક બીજાને મળતી આવે એવી રીતે પેદા કરેલ છે જ્યારે 'એકપણું' (તવહીદ) અને ('અકારણપણું') પોતાને માટે અનામત રાખેલ છે.

મુસ્તજીબ યાને ધર્મમાં નવા દાખલ થએલા માટેનું આ પ્રકરણ અહિં પુરૂં થાય છે; આથી તે યાને મુસ્તજીબ તવહીદની અગત્યતા પિછાણે.

ઇમામે ઝમાન અલહી સલ્લામની કૃપાથી આ પ્રકરણ પુરૂં કરૂં છું.

## પ્રકરણ બીજું.

# ખુદાતઆલા જલલશાનહુના 'શબ્દ' યાને કલિમા વિષે.

ખુદાતઆલાને બધા કારણોનાં કારણ તરીકે પીછાણવો જોઇએ અને દરેકે એમ પણ જાણી લેવું જોઇએ કે, 'શબ્દ' યાને કલિમા એક ઉચ્ચાર અથવા શબ્દ યાને સુખુન છે અને લોકો કહે છે તેમ સૃષ્ટિના સર્જન કાર્ય વખતે ખુદાતઆલા તરફથી ઉચ્ચારાએલ એ શબ્દ 'થા' હતો. તે ખુદાતઆલા તરફનું કાર્ય હતું એમ છતાં આવા કાર્યને કર્તા સાથે કાંઇએ ઇન્દ્રિય સંબંધ, સમાનતા, કે અસમાનતા નથી. આને સાદી રીતે દરેક જણ સમજી શકે એ સારૂ આપણે એ કલિમા યાને 'શબ્દ'ને મનુષ્યની ભાષામાંનો એક ઉચ્ચાર યાને સુખુન કહીએ છીએ.

આપણે જાણીએ છીએ કે કોઇ પણ વ્યક્તિએ ઉચ્ચારેલ 'બોલ' કોઇ પણ રીતે તેની સાથે રહેતો નથી અથવા એ બોલ, બોલનારના જેવો હોતો નથી. ખુદાવન્દતઆલા તરફથી ઉચ્ચારાયેલ શબ્દનો અર્થ 'થા' હોવાથી આપણે તેને સંપુર્ણ (તમામ) માનીએ છીએ. કારણકે તેણે યાને કિર્તિમાન ખુદાવન્દતઆલાએ તેને કોઇપણ ચીજમાંથી ઉત્પન્ન કરેલ નથી યાને 'સુનકાર' કે જે તે વખતે હતું

તેમાંથી 'સુન્ય' તરીકે તેને કાંઇક ચીજ તરીકે ઉત્પન્ન કરેલ છે. મતલબકે 'સુનમાંથી શબ્દ' નિપાવેલ છે. જે કાંઇ અસ્તિત્વમાં આવવાનું હતું તે સઘળું સર્વથી શ્રેષ્ઠ રીતે અસ્તિત્વમાં આવ્યું અને એ સંપુર્ણ અસ્તિત્વનાં કારણરૂપ 'શબ્દ' હોવાથી અને તેની સાથે કોઇ મધ્યસ્થ નહિં હોવાથી, પરિણામે આ મુજબ તેમની બેઉની વચ્ચે કોઇના હોવા વગર તે તેની સાથે એકત્રિત બની ગયું, એથી અમે કહીએ છીએ કે પહેલું કારણ કલિમા ખુદાઇ કલિમા યાને સત શબ્દ છે અને તેના કારણથી જે કાંઇ અસ્તિત્વમાં આવ્યું તે, તેના મારફત ઉત્પન્ન થયેલ 'અકલ' છે. (એટલે 'શબ્દ'માંથી 'સાન' ઉત્પન્ન થયેલ છે.)

જો આપણે કાલ્પનિક રીતે તે બેઉને એક બીજાથી જુદા પાડીએ તો અકલ પોતાની કમાલિયતને યાને પોતે પહેલાં કારણ રૂપ બનેલા હોવાનો દરજ્જો ગુમાવી દે. અને જો તે પોતાની કમાલિયત ખોઇ બેસે તો બીજો યાને કલિમા-શબ્દ પણ એ દરજ્જો ખોઇ બેસે. જ્યારે આપણે ખાત્રિપુર્વક કહીએ છીએ કે 'પહેલું કારણ' અને 'પહેલાં કારણરૂપ' ખરેખર અસ્તિત્વમાં છે અને આપણે આ જાણીએ છીએ કે તેમની વચ્ચે કોઇ મધ્યસ્થ ન્હોતું, તો જેમ આપણે 'સુર્યનું તેજ' અને 'સુર્યનું બિમ્બ' કહીએ છીએ તે મુજબ નામ સિવાય તેમને બીજી રીતે

એકબીજાથી જુદાં પાડવું નકામું છે. એટલા માટે અકલ એ 'કારણરૂપ' અને 'કારણભુત' 'વિચારક' અને 'વિચારાયેલ' બન્ને છે.

આમ હોવાનું કારણ એ છે કે તેનું કારણ તેની સાથે અવિભક્તરૂપે છે, અને તેનું સત્ત્વ (ઝાત) તેની યાને તેના કારણભુતની સાથે જાણી શકાય તેવું છે; એથી તે બેઉ, જ્ઞેય અને જ્ઞાતા પણ છે; જે કાંઇ અસ્તિત્વમાં છે તે, તેના એક મુળ તરીકે તેમાંથી આવે છે, એટલા માટે તે પોતાનાં સત્વ (ઝાત)ની બહારની કોઇ ચીજને તે જાણી શકતું નથી. 'અકલ' છે એ જાણકાર (દાના) છે અને તેના માટે તેની અસલિયત (ઝાત) સિવાયની કોઇ પણ જાણવા માટેની વસ્તુજ નથી. તે પોતેજ અકલ-બુદ્ધિ અને આકિલ-બુદ્ધિવાન બન્ને છે.

એટલા માટે અમે કહીએ છીએ કે કલિમા શબ્દ 'એક' અરબ્બીમાં બોલાય છે તેમ 'વહદ' છે અને 'અકલ' પણ એક છે જેને એજ ભાષા અરબ્બીમાં 'વાહિદ' કહે છે. ગણત્રીના દરેક આંકડા (અદદ) એકડાથી નીચે છે, જો આપણે એમ માનીયે કે એકડાનું અસ્તિત્વજ નથી તો ગણત્રિના બીજા બધા આંકડા સંભવેજ નહિ; * પણ

(નોંધ : *બધી સંખ્યા '૧' થી બનેલી છે જેમકે ૧+૧ = ૨, ૧+૧+૧ = ૩, એટલે જો એમાં ૧ ન હોય તો બીજી કોઇ સંખ્યા સંભવેજ નહિ.)

જો આપણે એકડા પછીના બધા આંકડા તજી દઈએ તો બાકી 'એકડો' તો રહે છે જ, એટલે બધી હસ્તીયો (હમા હસ્તીહા) અકલથી નીચે હોવાને લીધે તે યાને અકલ પોતે પહેલી હસ્તી છે એટલે એ હસ્તી અને અકલને જુદાં પાડી શકાય નહિ. ફક્ત માણસ જ વ્યક્તિત્વ માટે શોધ કરે છે અને તેને સમજી શકે છે કારણ કે તેને અકલ તરફથી એ સમજવાની શક્તિ બક્ષીસ થયેલી છે; એ અસરના બળ વડે તેઓ વસ્તુઓના ગુણધર્મ શોધી શકે છે.

હવે જ્યારે આપણે એ જાણી શકયા કે ખુદાવન્દતઆલા તરફથી પ્રથમ પેદા થયેલ ઉત્પત્તિ 'અકલ' છે તો પછી તેના યાને અકલના અલગ અસ્તિત્વની શોધ કરવી અયોગ્ય છે; જો આપણે તેના અસ્તિત્ત્વને જુદા તરીકે ગણીએ તો અક્કલના એ અલગ અસ્તિત્ત્વના જ્ઞાનની શોધ કરવા માટે આપણામાં એનાથી બ્હેતર અને એનાથી ઉચા પ્રકારનું બુદ્ધિબળ હોવું જોઈએ કે જેની મદદ વડે આપણે એવી શોધ કરી શકીએ અને જો તેના કરતાં વધારે ઉંચું યાને તેની પહેલાનું એવું કાંઇ અસ્તિત્ત્વમાં હોય તો તેવું અસ્તિત્ત્વ પહેલી ઉત્પત્તિ ગણાય અને જો એમ હોય તો 'અકલ' પોતાનું શ્રેષ્ઠ પદ ગુમાવી બેસે.

આ ઉપરથી સમજાય છે કે આપણે અકલ તરફથી મળેલું એવું બુધ્ધિબળ ધરાવીએ છીએ કે જેની મદદથી તેની યાને અકલની નીચેની પંક્તિની ચીજોનું જ્ઞાન મેળવવા શક્તિવાન છીએ. હવે જ્યારે આપણે એ સમજી શકયા કે માનવબુધ્ધિને તેની યાને અકલની તરફથી એ શક્તિ મળે છે એટલે એ શક્તિ ખુદાતઆલાની રહેમતમાંથી ઉત્પન્ન થાય છે એમ સમજાય છે, કારણ કે અકલને વસ્તુઓનું જ્ઞાન મેળવવાની અને તેમને પોતાના તાબામાં લાવવાની યાને તેની વ્યવસ્થા કરવાની ફરજ પડે છે. બીજી વસ્તુઓ ઉપરથી આપણે અકલને ઓળખી શકીએ છીએ એમ આપણે કહીએ છીએ કારણ કે તે બીજી વસ્તુઓને ઓળખવા સાથે ખુદ પોતાની ઝાતને ઓળખવાને શક્તિવાન છે અને એનાથી ઉતરતી કોઈ પણ વસ્તુમાં એવી શક્તિ હોતી નથી. બીજી ચીજોથી તેને જુદી પાડનાર આજ બાબત છે અને આવી એક ખાસીયત ધરાવવા સિવાય તેને છુટકો નથી. જો કે ભલે તેને આવા ગુણની નવાજેશ થયેલી છે છતાં એ શક્તિના બક્ષણહાર કોઈ એકે એની અગાઉથી ધારણા બાંધેલી હોય છે અને એ સિફાત તેના પોતાની ઝાતની હદની અંદર હોય છે.

ઉપર બતાવ્યા મુજબ જ્યારે એ ખુલ્લેખુલ્લું સમજાયું

કે અકલના ઉપર તેના પોતાના કરતાં બળવતર કોઇ હોવું જોઇએ એટલે આપણે એ ઉચ્ચતર અસ્તિત્ત્વ યાને ખુદાવંદતઆલાના એનાથી નીચી પંક્તિનાં અસ્તિત્ત્વ કે જે 'અકલ' (બુધ્ધિ) છે તેની શક્તિ વડે ઓળખવો જોઇએ. છતાં એ બનવું તો અશકય છે, કારણ કે નીચી પંક્તિનું અસ્તિત્ત્વ પોતાથી ઉચ્ચત્તર અસ્તિત્વને પોતામાં સમાવી શકે નહિ. જેવા આપણે આ સમજી શકયા કે તુરતજ એ જ્ઞાનના પ્રતાપે "તવહીદ" ના કલમાની અને "અકલ"ના દરજ્જાની સમજ આપો આપ આવી જાય છે.

અમે એમ પણ કહીએ છીએ કે મનુષ્ય જીવન (નફસે ઈન્સાની) મળ્યા વગર આપણને એ શક્તિ કે જેના વગર મનુષ્યપ્રાણી અપુર્ણ અને ઠોઠ રહી જાય છે, તે પ્રાપ્ત થતી નથી. આ સ્થિતિ એ અનુમાન ઉપર ખચ્ચીત દોરી જાય છે કે ખુદાતઆલાએ બેઉને સર્વ શાશ્વતતા (અઝલ)માંથી એક જોડી (જુફ્ત) તરીકે પેદા કરેલ છે. તેઓના એ ગુણ અને શક્તિ એક બીજાની મદદ વગર પોતાની મેળે પ્રગટ થતાં નથી તેનું આજ કારણ છે. આથી એ પણ સાબીત થાય છે કે તેઓ બન્ને આપણે તેઓમાં જોઇએ છીએ તેમ એકજ પ્રકારની ખાસિયત યાને ગુણથી ઘેરાયેલાં છે અને તેઓ એક બીજાથી જુદાં પડી શકતા નથી. વળી આમાંથી એ હકીકતનું

સૂચન મળે છે કે એ બન્ને એકબીજા સાથે, તેઓમાં દેખાઇ આવતી ખાસ ખાસિયતથી મજબુતપણે બંધાયેલ છે અને એકબીજાથી જુદા પડી શકે તેમ નથી; આનું કારણ એ છે કે ઇલાહીય્યત એવી કોઇ ચીજ સાથે સંબંધ ધરાવે નહિ કે જેની પોતાના ગુણ અથવા કાર્યને પ્રગટાવવા માટે જરૂર પડે અને આપણે ખરેખર એમ માની લઇએ કે "અકલે કુલ"નું બુધ્ધિબળ નફસે ઇન્સાન દ્વારાજ જાહેર થઇ શકે, એ સિવાય નહિ, તો પછી એનો અર્થ એ થયો કે તે યાને અકલેકુલ આદિ ઉત્પત્તિ છે અને નફસે કુલનાં બીજ અકલે કુલનાં દ્રવ્ય (ઝાત)ની અંદર સમાવવામાં આવેલા છે. આ ઉપરથી તમે બરાબર સમજી શકશો કે તેની નફસે કુલની ઉત્પત્તિ આજ રીતે થયેલ છે અને એ અકલેકુલમાંથી ઉત્પન્ન થયેલી એક ચીજ છે. હા, તે એક તો જરૂર છે પણ તેની નીચેની દરેક પંક્તિથી સ્વતંત્ર રીતે અનેક યાને બે નિયાઝ છે; આનું કારણ એ છે કે "એકડો" તેના એકપણા માટે બીજી ગણત્રીની સંખ્યા ઉપર આધાર રાખતો નથી, જ્યારે બે, ત્રણ અને બીજી સંખ્યાને અસ્તિત્વમાં આવવા માટે "એકડા" ઉપર આધાર રાખવા પડે છે.

આ ઉપરથી એ સાબીત થાય છે કે "અકલ" અવ્વલ નંબરની હસ્તી છે, એની મદદથીજ બીજી બાબતો સમજી

શકાય છે; પણ એવી કોઇ પણ વસ્તુ નથી કે જેની મદદથી "અકલ"ને પામી શકાય. આજ કારણથી ખુદાવંદતઆલાએ ફરમાવ્યું કે (સુરા ૬આયાત ૧૦૪) "દ્રષ્ટિથી તે દ્રષ્યમાન થતો નથી અને દ્રશ્ય (ચીજો) તે જુએ છે અને તે મહેરબાન (અને) જાણનાર છે." આની મતલબ એ છે દ્રષ્ટિ કે જે "અકલ"નું ચિન્હ છે તે તેને માટે ખુદાતઆલાને "કળી" શકવા અશકત છે. પણ તે માટે ખુદાતઆલા પદાર્થોમાં રહેલ ભેદ અને સચેતપણાને જાણે છે. આનો અર્થ એ થયો કે અકલ અથવા બુધ્ધિ કે જેની મદદથી જીવ યાને નફસ ખ્યાલો કરે છે તે તેની મદદ વડે વસ્તુઓને ઓળખી શકે છે. એથી એજ ખ્યાલની મદદ વડે તેને સમજવાને શક્તિવાન થવાય એ બરાબર નથી. આવી જગ્યાએ ખ્યાલને કુશાગ્રતાની જરૂર પડે છે કે જેનાથી તેને નિરાકાર યાને સુક્ષ્મ (લતીફ) ચીજો જોવાનું શકય બને આની સરખામણી તેના સાથે થઇ શકે કે જેમ આપણે સિંહ, સંબંધમાં કહીએ છીએ કે તેનામાં રહેલાં બળને લીધે તે મનુષ્યપ્રાણીને ફાડી ખાય છે પણ સિંહ (તે) બળથી ખુદ પોતાને ફાડી ખાઇ શકે નહિ.

એ મુજબ આપણે "અકલ"ને એવી રીતે ઓળખવા જોઇએ કે તે કોઇપણ યાને બીજી જગ્યાએથી મેળવેલાં

ઇલ્મ વગર જ પોતે પોતાની જાતનું જ્ઞાન ધરાવે છે અને કોઈપણ બહારની શક્તિદ્વારા બળ મેળવ્યા વગર શક્તિશાળી છે. તે તાત્ત્વિક રીતે સ્વતંત્ર (બેનિયાઝ) છે, તેને કોઈ ચીજે સ્વતંત્ર બનાવેલ નથી, કારણ કે જે કાંઇ પોતાનાં અસ્તિત્વપણામાં હઈયાતી ભોગવે છે તે બધું તેનામાંથી આવે છે. હવે જો ત્હારી ઇચ્છા તે હસ્તીની તાકાત, બેનિયાઝી યાને સ્વતંત્રતા અથવા જે કાંઇ તે છે તેનું જ્ઞાન મેળવવાની હોય તો, અમે કહીએ છીએ કે એક હાથ ઉપર અકલ પ્રવૃત (જુમ્બીદા) છે જ્યારે બીજા હાથ ઉપર તે નિવૃત (આરામાદા) છે. આજ કારણને લીધે જે કાંઇ તેના તાબામાં છે તે બધું કાં તો પ્રવૃત્તિશીલ છે અથવા નિવૃત્ત છે; પણ અક્કલની પ્રવૃત્તિ આપણી પ્રવૃત્તિ જેવી નથી, કારણ કે જરૂરીયાત આપણને પ્રવૃત્તિશીલ બનાવે છે. 'અકલ'ને કોઈ જરૂરીયાત હોતી નથી અને તેનાથી ઉચ્ચત્તર એવી કોઈ ચીજ નથી કે જે તેને પ્રવૃત્તિશીલ બનાવવાની ઇચ્છા કરે અને એવી ઇચ્છાને લીધે તે તેમ કરે. એમ છતાં ખુદાતઆલાનો આભાર માનવામાં તે પ્રવૃત્ત રહે છે. કારણ કે તેને પોતાના દરજ્જાનું ભાન છે અને વળી ખુદાતઆલાનો આભાર માનવાનું કાર્ય કોઈ ખાસ પ્રવૃત્તિ અને કાંઇ પણ જરૂરીયાત અથવા ઇચ્છાથી પ્રવૃત્ત થયા વગરની જાથુકની પ્રવૃત્તિ

છે. અમે જે પ્રવૃત્તિ વિષે કહ્યું તે, તેનામાંથી નફસે કુલને ઉત્પન્ન કરવાનું કાર્ય છે. આનું કારણ એ છે કે ખુદાતઆલાના વખાણ યાને સ્તુતિમાં અકલે કુલે જે પ્રવૃત્તિ આદરી તેને લીધે ખુદાઇ "શબ્દ" (કલિમા) કે જે "અકલ" સાથે એકત્રિત બનેલ છે તેના બળના પ્રતાપે તેનામાંથી "નફસે કુલ"ની ઉત્પત્તિ થઇ છે.

"અકલ"માંથી "નફસ"નું પેદા થવું એ એકલું સમય વગરનું કાર્ય હતું અને "નફસ"માં તેની પેદાશ વખતે "અકલે કુલ" સાથે અમુક પ્રકારનું મળતાપણું અને અમુક પ્રકારનું બિનમળતાપણું હતું. સંભવિત રીતે સંપુર્ણ હોવા તરીકેનું મળતાપણું ગણાય અને કાર્યમાં ખરી રીતે તેના અપુર્ણ હોવા તરીકે તેનું બિનમળતાપણું ગણાય; કારણ કે "અકલે કુલ" તો બેઉ પ્રકારે સંપુર્ણ હોય છે. નફસની ખરેખરી અપુર્ણતાનું કારણ એ છે કે તે "અકલ"ના મધ્યસ્થપણા દ્વારા ખુદાઇ કલિમા યાને સત શબ્દમાંથી અસ્તિત્વમાં આવેલ છે, જ્યારે "અકલ" અને કલિમા યાને સત શબ્દ વચ્ચે કોઇ મધ્યસ્થ ન્હોતું. અકલની પેદાશ યાને અકલમાંથી ઉત્પન્ન થયેલ વસ્તુ તેના યાને "અકલ"ના જેવીજ હોય એમ સમજવું એ બરાબર નથી. અકલની હઇયાતી અને ખુદાઇ શબ્દ (કલિમા)ના જોડાણ તેમજ તેમાંથી નફસના અસ્તિત્વમાં

આવવા વચ્ચે કાંઇ સમયનો ગાળો ન્હોતો. કારણ કે સમય યાને કાળ એ નફસની પ્રવૃત્તિની નિપજ છે. એટલા ખાતર એ માનવું બરાબર નથી કે, કાળ કે જેનું કારણ ખુદ નફસ છે એ તેની યાને નફસની અગાઉ અસ્તિત્વમાં આવી શકેલ હોય. કોઇ પણ ચીજનું તેના અસ્તિત્વના મુળના અગાઉ અસ્તિત્વમાં હોવું સંભવે જ નહિ. આ ઉત્પત્તિ કાળની મર્યાદાની બહારની હોવાની ખાત્રી આપનારાં કથન તરીકે ખુદાતઆલા (કુરાને શરીફ સુરા ૫૪ આ -૫૦)માં ફરમાવે છે કે "અને અમારો હોકમ (અમ્ર) (કંઇ ચીજ) પેદા કરવા માટે એકજ શબ્દ (કલિમા) સિવાય બીજું કાંઇ નથી, (અને તે) આંખના એક પલકારા જેવું છે." કોઇ શખ્સ કોઇ ચીજ તરફ નજર નાખે અને તે શું છે એ સમજી જાય એથી કાળ વિક્ષેપની દ્રષ્ટિએ બીજી કોઇ ક્રિયા વધારે ઝડપી નથી, કારણ કે જોવા અને જાણવા વચ્ચેના સમયમાં કાંઇએ ફરક પડતો નથી.

પોતાનું બેન્યાઝપણું યાને સ્વપુરતાપણું એ અકલની સ્થિરતાનું રૂપ છે. જે કાંઇ તેના તાબામાં છે તે બધું તેના ઉપર અવલંબિત છે. આ મુજબ જો તે બેન્યાઝપણાના ગુણથી વિભુષિત હોય તો અમે ઉપર જણાવી ગયા તે મુજબની, યાને ખુદાવન્દતઆલાના

આભાર પ્રદર્શિત કરવા જેવી રીતથી, જો તેનું વર્તન જુદા પ્રકારનું હોય તો તે બરાબર નહિ ગણાય. એટલા માટે અમે ઉપર મુજબ જણાવી ગયા તે અર્થમાં અકલ (અવ્વલ) પહેલી છે પણ જે કાંઇ અવ્વલ હોય તે અનિવાર્યપણે આખર (છેવટ)નું બની જાય છે, કારણ કે જે કોઇ તેને અનુસરે છે તે અવ્વલથી આખર સુધી હોય છે. આવી રીતે અકલ આખરીસ્થાને પણ છે. કારણ કે જે કાંઇ તેમાંથી ઉત્પન્ન થયેલ છે તે છેવટે તેમાંજ પાછું ફરવાનું છે. આજ કારણ છે કે નફસ યાને જીવની જુમ્બેશ યાને કાર્યશીલતા તે બેન્યાઝપણું કે જે અકલ સાથે જોડાયેલ છે તેના માટેની આકાંક્ષાને લીધે ઝડપી બને છે અને તે યાને "નફસ" પાછળનામાંથી યાને 'અકલ'માંથી ઉત્પન્ન થયેલ હોવાથી તેણે અનિવાર્યપણે તેના તરફ યાને 'અકલ' તરફ પાછું ફરવું જ જોઇએ યાને તેમાં તેણે પાછાં ફરીને મળી જવું જોઇએ. "અકલ" જાહેર છે કારણ તે પ્રત્યક્ષ યાને નજરે દેખાય એવી અને બુધ્ધિગમ્ય યાને જાણી શકાય એવી બન્ને પ્રકારની સઘળી હઇયાત વસ્તુઓ તેમાંથી ઉદ્‌ભવે છે અને તે પરોક્ષ યાને બાતિન પણ છે કારણ કે તેના કરતાં વધારે ચઢિયાતી અને વધારે ભવ્ય કોઇ ચીજ નથી. દરેક વસ્તુમાં તેનો ખાસ મર્તબો રહેલો છે, જેમકે

ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૫૭ આ-૩)માં ફરમાવ્યું છે કે "તે પહેલો અને છેલ્લો અને જાહેર અને છુપો છે, અને તે સર્વ ચીજ જાણનાર છે" આટલી બધી મહત્તા અને શક્તિ "અકલ" ધરાવે છે છતાં તેના કરતાં વધારે, ખુદાતઆલાનો તાબેદાર અને શુક્રગુજારી કરનાર મખ્લુકાતમાંથી કોઇ નથી. જેમકે હ. રસુલ સ. (તેમના અને તેમની આલ ઇમામે ઝમાન ઉપર ખુદાતઆલાના આશિર્વાદ હોજો) ફરમાવે છે કે "ખુદાવન્દતઆલાએ જે ચીજ પ્રથમ પેદા કરી તે "અકલ" હતી."

ખુદાવન્દતઆલાએ તેને ફરમાવ્યું કે "નજીક આવ" અને તે નજીક આવી. ત્યારપછી ફરમાવ્યું કે "પાછી જા" અને તે પાછી ચાલી ગઇ. ત્યારબાદ ખુદાતઆલાએ ફરમાવ્યું કે "મારાં ગૌરવ અને માહાત્મ્યના સોગંદ ! કે ત્હારા કરતાં મહાન અને ભવ્ય કોઇ ચીજને મેં કદિ પણ પેદા કરેલ નથી. ત્હારા થકી (કોઇને પણ) હું નવાજીશ અને ત્હારા થકી (કોઇને પણ) સજા કરીશ."

"અકલે" ખુદાવન્દતઆલા તરફ બતાવેલી તાબેદારી અને નમ્રતાની વાત આની અગાઉ અમે રચેલી "મિફતાહ વ મિસ્બાહ" નામની કિતાબમાં ફિલસુફીની તરેહવાર દલીલો સાથે વર્ણવેલી છે. જો તું આવા ગુણો ધારણ કરનાર અકલને પિછાણે તો તું તેને તેની ખરી પ્રકૃતિના

રૂપમાં ઓળખી કાઢે, ત્યારબાદ મોમીનને ખુદાઇ એકપણા (તવહીદ)ની અકલની પિછાણ બરાબર થઇ ગણાય અને તે કાયમી સિદ્ધાંતો (હુદુદ) સંબંધમાં ભુલ થાપ, ખાય નહિ.

સાહેબુલઝમાન-તેમના નામનો ઉચ્ચાર મહાન અને ગૌરવશાળી હો અને તેમના ઉપર શાંતિ ઉતારોની કૃપાને લીધે આ પ્રકરણ પુરૂં કરૂં છું.

## પ્રકરણ ૩ જું

# "નફસે કુલ" તેનો મર્તબો અને કાર્ય વિષે.

"નફસે કુલ" બીજા ગણાય છે કારણ કે અકલ પછી ક્રમમાં તે બીજા છે. અકલ બાદ ઉંચી કે નીચી પંક્તિની મૂળ વિભુતિઓ (હુદુદો)માંથી કોઇ પણ હસ્તી તેનાથી ઉંચી નથી. તેનો સંખ્યાસુચક દરજ્જો "બે" છે, જ્યારે 'અકલ'નો દરજ્જો "એક" છે. બે પછીની એવી કોઇ સંખ્યા નથી કે જેમાં "બે"નો સમાવેશ ન થાય. જેવી રીતે કે એવી કોઇપણ હસ્તી, શું મનુષ્ય કે શું ફરિસ્તો નથી કે જેનું અસ્તિત્વ "નફસે કુલ"ને આભારી ન હોય. સંભવિત રીતે તે યાને નફસ 'અકલ'ની માફક સમ્પુર્ણ છે. જો કે ખરી રીતે (બ ફઅલ) તે અપુર્ણ છે, કારણ કે અકલની મારફત ખુદાના કલિમા (શબ્દ)માંથી તે નિપજેલ છે અને જે કાંઇ વસ્તું મધ્યસ્થની મદદથી અસ્થિત્વમાં આવે તે દરેક વસ્તું તેના યાને મધ્યસ્થના દરજ્જાની હોઇ શકે નહિ. તે સંભવિત રીતે એકજ બાબતમાં તેની પંક્તિમાં આવી શકે. જેવી રીતે કે એક ઉછેરાયેલ ફરજંદ એક વખત તેના બાપના જેવો ખરેખરો સંપુર્ણ માણસ થાય છે, પણ એક માબાપમાંથી છુટું થયેલ યાને પેદા

થયેલ બચ્ચું જન્મે તેજ ક્ષણે તેના પિતાના જેવું બની જાય એતો સંભવિત નથી જ. જો એ શકય હોય તો તેને મનુષ્યત્વનું ભાન આપમેળે થઇ જાય અને તે તરતજ પોતાના જેવાં બચ્ચાં પેદા કરવા શક્તિમાન બની જાય.

આજ કારણને લીધે, કહેવાય છે કે શૂન્ય રીતે "નફસ" "અકલ"ની બરાબર છે પણ વાસ્તવિક રીતે તે તેમ નથી. તે "અકલ"ના મધ્યસ્થપણા દ્વારા ઉત્પન્ન થયેલ છે અને જે વસ્તુઓ બીજામાંથી પેદા થાય તેનું પાલનપોષણ તેણે યાને જેમાંથી પેદા થયેલ હોય તેણે કરવું જોઇએ કે જેથી તે એક દિવસ તેના જેવી જ થઇને ઉભી રહે. દાખલા તરીકે મનુષ્યનું વિર્ય માદાના ગર્ભાશયમાં પડતાં અને પોષાતાં તેની માતા તરફથી મળેલાં પોષણને લીધે, અને પિતાના બળે તે એક દિવસ તેના પિતાના જેવું થાય છે. આ પ્રમાણે એક બાળકની ઉત્પત્તિમાં બેઉનો હિસ્સો છે; જેમકે ખુદાવન્દતઆલાએ (કુરાને શરીફ સુરા ૯૦ આયાત ૧-૩)માં ફરમાવેલ છે કે "હું આ શહેરના સોગંદ નહિં ખાઉ (૧) અને તું આ શહેરમાં રહે છે. (૨) અને પિતાના અને જેને તેણે જન્મ આપ્યો છે (એટલે છોકરાં)નાં સોગંદ છે. (૩)"

જમીન યાને શહેર નાતિકને લાગુ પડે છે કે જે ઇલ્મનું શહેર છે. કારણ કે હ. રસુલિલ્લાહે ફરમાવ્યું કે

"હું ઇલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે." ત્યારપછી ખુદાવન્દતઆલા ફરમાવે છે કે "તું આ શહેરમાં રહે છે યાને આ શહેરમાં તું ગમેતેમ કરવાને સ્વતંત્ર છે." એટલે કે તું ત્હારા પોતાના અસાસ (વસીયો) નિમવાને મુખત્યાર છે. ખુદાતઆલા ફરમાવે છે કે 'અને પિતા અને તેમનાથી જન્મેલી ઓલાદનાં સોગન્દ નહિ ખાઉ.' આ સોગન્દમાં પિતા એ "અકલ" છે કે જેનો દરજ્જો ઉચ દુનિયા (આલમે અલવી)માં પિતા જેવો છે અને ઓલાદ એ 'નફસ' છે જેનો દરજ્જો ઓલાદ જેવો છે.

'નફસ' અકલમાંથી ઉત્પન્ન થયેલ છે અને તે એક દિવસ પુર્ણ બની જાય એવો સંભવ છે; તેણે પ્રયત્નો આદરી લીધા છે અને 'અકલ' પાસેથી ફાયદો મેળવવાનું શરૂ કરી લીધું છે. તે એક બાળક મિસાલ છે કે જે પોતામાં રહેલ શક્તિ (કુવ્વત)થી માતાના ગર્ભાશયમાં પોષણ મેળવે છે અને જે સંભવિત રીતે એક દિવસ મનુષ્ય બીજધારક થનાર છે. તે પ્રવાહી હમેશાં માતાના ગર્ભાશયમાં ખોરાક (માયદા) ચુસી લે છે. એજ પ્રમાણે "નફસ" શિક્ષણ અને ખોરાક (ફાયદા વ માયદા) અકલ પાસેથી મેળવે છે અને એવી રીતે વર્તે છે કે તે કમાલિયત (સંપુર્ણતા) મેળવી શકે.

આ જીસ્માની આલમ (સ્થુળ જગત)ની રચનાનો

શિલ્પી (ખુદાવન્દે તરકીબે આલમે જીસ્માની) "નફસે કુલ" છે અને આ દુનિયામાં કર્તવ્યશીલ રહેનાર "નફસ" છે. તેનામાં રહેલાં આ જોમ (જુમ્બીશ)નું કારણ પોતે કમાલિયત યાને સંપૂર્ણતા મેળવે એવી તીવ્ર ઇચ્છા છે અને આ સંપુર્ણતા આ જગતમાં દ્રષ્ટિગોચર થતાં મહાત્માઓ (નફસેહાઇ બુઝર્ગવાર) જેવાં કે, નબીઓ, અસાસ, ઈમામો, હુજ્જતો, દાઇઓ, માઝુનો અને મુસ્તજીબોના આત્માઓથી મેળવાઇ રહી છે. આ જગત તેણે ઉત્પન્ન કરેલ હોવાથી તેનું કાર્ય જીવોને એવી ફરજ પાડવાનું છે કે તે, નફસ યાને જીવ એક દિવસ અકલના જેવો દરજ્જો પ્રાપ્ત કરીને તેઓમાં સંપુર્ણ બની જાય. એમ કરવાનું કારણ એ છે કે "નફસ" અક્કલના જેવો દરજ્જો ધરાવતું નથી, અને તેની ઇચ્છા જલ્દીમાં જલ્દી "અકલ"ના જેવો થવાની છે, છતાં સંપુર્ણતા મેળવવા કાળની મર્યાદા વગરના ઝડપી અકલના જેવા પુરતા બળના અભાવે, એ પ્રકારની ખામી (નુકશાન) સુધારવામાં તે નિષ્ફળ નિવડયું છે; પણ તેણે વળી પોતાના જેવીજ એક હસ્તી પેદા કરી છે.

જ્યારે તે પોતાના જેવી હસ્તી પેદા કરવામાં પ્રવૃત્ત થયું એટલે એની એ પ્રવૃત્તિમાંથી "હયઉલ્લા" બહાર

પડયું અને આ જગતે તેના ઉપરથી પોતાનું સ્વરૂપ મેળવ્યું. પોતામાં જે કાંઇ કમાલિયત હતી તે બધી "નફસે કુલે" "હયઉલ્લા"માં મુકી દીધી. એમ છતાં એ, કાર્ય કરવા તુરતજ બહાર ન આવ્યું કે જેથી જગત 'હયઉલ્લા'ના સ્વરૂપમાંથી તેનું સ્વરૂપ લઇ લે; એટલા માટે એણે ડાહ્યાજનોના આત્માઓની શક્તિઓને, આ જગતમાં, જેવી રીતે માણસનું વિર્ય ઘણા બાળકો પેદા કરવાની સંભવિતતા રાખે છે, તે શકયતાની હાલતમાંથી એક દિવસ વાસ્તવિકતાની હાલતમાં આવી જાય છે, તેવી રીતે, અપુર્ણ રાખી દીધી છે. એથી આ જગતે નાતિકો, અસાસ, ઈમામો, અને બીજાઓના સ્વરૂપમાં 'નફસે કુલે' જે જોમ તેનામાં મુકેલ હતું તે વડે, આ શકયતાને વાસ્તવિકતામાં ફેરવી નાંખવા તેણે પ્રવૃત્તિ (જુમ્બીશ) આદરી દીધી છે.

જેવું જગત પોતાના કાર્યમાં પ્રવૃત્તિશિલ બની ગયું કે તુરતજ કાળ યાને સમયના એકમો યાને કલ્પો અને યુગોની ઉત્પત્તિ થઇ અને એ ગતિના પ્રતાપે જગત પોતે અવકાશ બની ગયું અને વખત જતાં એ અવકાશમાં 'નફસે કુલે' જે કાંઇ સંભાર ભરી મુકયો હતો તેમાંના બધાં પોતાની પ્રવૃત્તિથી શ્રેષ્ઠ બનવા લાગ્યા. તે કાર્ય યાને પ્રવૃત્તિ અત્યારે પણ આપણે જોઇએ છીએ તેમ

ઉત્પત્તિમાંથી ઉત્પત્તિનું કાર્ય હતું કે જે જગતમાં હમેશને માટે ચાલુ બની ગયું છે. કોઇપણ ચીજ તેનાથી બાકાત રહી શકે નહિ અને નફસે કુલ આ જગતમાં જે કાંઇ કરે તેમાં ફેરફાર થાય જ નહિ. મહાત્માઓ (નફસહાઇયે બુઝર્ગવાર) આ જગતમાં ઉત્પન્ન થાય છે અને એક દિવસ તેઓ 'નફસ'ની એ ખામી (નુકશાન)ને બરાબર સુધારી નાખશે. જ્યારે એ ખામી સુધરશે ત્યારે 'નફસે કુલ' અકલે કુલના બરાબર થશે અને શરૂઆતમાંજ જે કરવાની તેની આકાંક્ષા હતી તે પુરી થઇને રહેશે.

એમ છતાં જે 'અકલે' કર્યું છે અને જે તે (નફસ) કરે છે તેમાં ખરેખરો તફાવત એટલો છે કે 'અકલે' તે કાળક્ષેપ યાને સમયની મર્યાદા વગર મેળવ્યું છે જ્યારે 'નફસ' જે કરે છે તે કાર્યની મર્યાદામાં રહીને જ મેળવી શકશે. એટલા માટે અમે કહી ગયા છીએ કે 'અકલ' ખુદાતઆલાના આભાર માનવાની પ્રવૃત્તિ સિવાય તે સ્વયંપુર્ણ (બે નિયાઝ) હોવાથી એ રીતે એ નિવૃત યાને શાન્ત છે. એજ પ્રમાણે 'નફસ' કે જે 'અકલ' દ્વારા ઉત્પન્ન થયેલ છે તેને પ્રવૃત્તિનો અને શકય નિવૃત્તિનો એમ બન્ને ગુણ પ્રાપ્ત થયેલ છે; તેની પ્રવૃત્તિ (જુમ્બીશ) પોતાની સંપુર્ણતા યાને કમાલિયત મેળવવાના પ્રયત્નોમાં દેખાય છે અને તેની નિવૃત્તિ યાને આરામ જે બાબતમાં

તે અકલ સાથે જોડાયેલી છે તેમાં, તેના સ્વપુરતાપણામાં કે જેમાંથી તે ફાયદો ઉઠાવે છે તેમાં રહેલ છે. એજ પ્રમાણે નફસે કુલની રચેલી દુનિયામાં પ્રવૃત્તિ (જુમ્બીશ) અને નિવૃત્તિ (આરામ) બેઉ અસ્તિત્વમાં આવેલ છે. આ મુજબ તત્ત્વોમાં જગત શાંત છે જ્યારે આકાશો (ગ્રહો વગેરે ગતિમાન છે. કોઇ પણ જીસ્મ યાને સ્થુળ શરીર આ બેઉ હાલતોમાંની એકેથી મુક્ત નથી.

એજ પ્રમાણે "નફસ"નું કાર્ય બેવડું છે. એમાંનો એક પ્રકાર તેના સંભવિત સંપૂર્ણ હોવાનો અને વાસ્તવિક રીતે અપુર્ણ હોવાનો છે. જેવી રીતે કે જગતની ઉત્પત્તિ સંભવિત રીતે પુર્ણ છે પણ આસ્તે આસ્તે અસ્તિત્વમાં આવે છે. તે ઈન્સાન જાતની માફક છે. વ્યક્તિગત માણસો જ જન્મે છે અને મરે છે, જ્યારે માણસ જાત જગતના દરેક ભાગમાં પથરાયેલી છે અને જગત એ આખી મનુષ્યસૃષ્ટિ છે, એટલે આ જગતમાં નફસનું કાર્ય (ફઅલ) જ્યાં સુધી તે વાસ્તવિકતા ધારણ કરે (બ ફએલ હમી આમદ) ત્યાં સુધી સંભવિતપણે પૂર્ણ છે.

બીજા હાથ ઉપર 'નફસ' પોતાના કાર્યમાં સંભવિત રીતે અને વાસ્તવિક રીતે બેઉ રીતમાં પુર્ણ છે. આ કાર્ય એમ છે કે તે, નાતિકો અસાસો અને ઈમામોના આત્માઓ કે જેઓ ખરેખરા પુરૂષો (મર્દુમાને બ હકીકત) છે અને જેઓ

તેમના જીવાત્માઓની સુરતમાં 'અકલ' જેવા છે; જેમકે હ. પયગમ્બર રસુલ સ. ફરમાવે છે કે 'તમારા ચ્હેરાઓ બગાડો નહિ કારણ કે ખુદાવન્દતઆલાએ આદમને પોતાની સુરત ઉપરથી બનાવેલ છે. અને તેનામાં પોતાના રૂહમાંથી ઉત્પાદન બળ (નામીયા) ફુંકેલ છે.'

એટલા માટે તમારે જાણવું જોઈએ કે 'ઈલાહી સુરત' એ 'નફસે કુલ' છે અને 'ઈલાહી રૂહ' એ શબ્દ (કલિમા) છે અને આદમ અ. ખુદાવન્દતઆલાના ફરમાન મુજબ તે જમાનાના નાતિક છે. દરેક જમાનામાં તે પોતાના બળથી જુદા જુદા શારીરિક રૂપમાં તેનામાં રહેલા, 'નફસે કુલ'ના જેવો, અને 'કલિમા' ઈલાહી શબ્દ તેનામાં રહેલા રૂહ જેવો છે; જેમકે ખુદાતઆલા (કુરાને શરીફ, સુરા ૨૧, આ. ૯૧)માં હ.મરીયમ અલહીસલામની વાર્તા સંબંધી ફરમાવે છે કે 'અને તેણી (ઈમરાનની પુત્રી મરીયમ)ને યાદ કર કે જેણે પોતાના છુપા ભાગ (ઈન્દ્રિય)નું રક્ષાણ કર્યું. પછી અમે તેણીની અંદર અમારા રૂહમાંથી ફુકયું.' આની મતલબ એ છે કે મરીયમે પોતાના કાન શયતાનોની વાતો સાંભળવા ધર્યા નહિ; આનો સબબ એ છે કે જનનેન્દ્રિય કાનના જેવી છે અને કાન એજ ઈન્દ્રિયની સંજ્ઞા રૂપ છે, એટલે કે જેમ જનનેન્દ્રિય દ્વારા શારિરીક પુતળું ઉદભવે છે તેમ કાન દ્વારા માનસિક પુતળું (સુરતે નફશાની) ઉદ્‌ભવે છે. 'તેણીએ પોતાની જનનેન્દ્રિયનું રક્ષાણ કીધું. એની

મતલબ એ છે કે તેણે પોતાના કાન એવાઓ કે જે ફક્ત જાહેરીજ બાબતો શીખવતા અને તેમાંના ગુઢાર્થ (તાવિલ)ની અવગણના કરતા, તેમના તરફ ધર્યા નહિ યાને તેમની વાતો સાંભળી નહિ. 'અને અમે શબ્દ (કલિમા) રૂપમાં હ. ઇસા અલહીસલામને તેઓ પેગમ્બર બને ત્યાં સુધી ઉછેરી મોટા કરવા જેવા ભાગ્યની નવાજેશ કરી છે."

એટલા ખાતર હ. રસુલિલ્લાહ અ.ની હદીસ કે જેમાં તેઓશ્રી ફરમાવે છે કે 'તમારા ચહેરાઓને બગાડો નહિ.' એમાં તેઓશ્રીનો કહેવાનો હેતુ એ છે કે 'ખરા ખાનદાન (ખાનદાને હક)ના દુશ્મનોમાંથી કોઈને તમારા રૂહાની પેશવા, ઈમામો તરીકે ગણો નહિ કે જેમ કરવાથી તમારા આત્માઓના સ્વરૂપો, શયતાનોના ચહેરાઓ જેવા વિક્રાળ બની જાય. ચહેરાનો તાવિલી અર્થ ઈમામ થાય છે, કારણ કે મોમિન તેના ઈમામના નામથી ઓળખાય છે. જેવી રીતે ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૧૭ આ. ૭૧)માં ફરમાવે છે કે (તે દિવસ યાદ કર) કે જે દિવસે અમે દરેક પ્રજાને તેના ઈમામના નામથી બોલાવીએ છીએ.'

ઈમામની તાબેદારીમાં ખુદાવંદતઆલા આપણને દઢ બનાવે અને તે આપણને તે દિવસે તેની દયા અને ઔદાર્યથી તેમના નામે બોલાવે એવી દુઆ ગુજારૂં છું.

## પ્રકરણ ૪ થું.

# ભૌતિક જગતમાં મનુષ્ય આત્માઓની ઉત્પત્તિ વિષે.

સહેલાઈથી સમજાય એ માટે નફ્સે કુલ તરફથી ભૌતિક જગતમાં જે કાંઇ ઉત્પન્ન થયેલ છે તે બધાંને ત્રણ પંક્તિમાં વહેંચી નાખવામાં આવેલ છે; ભૌતિક જગત ખુદ. નફ્સ અને અકલથી ત્રીજે દરજ્જે છે. આ બધાંઓમાં "અકલે કુલ" મર્દ મિસાલ છે, નફ્સે કુલ ઔરત મિસાલ અને તેમાંથી ઉત્પન્ન થતાં "હયઉલા" વિર્ય મિસાલ છે, જ્યારે ભૌતિક જગત એક બાળક મિસાલ છે, કારણ કે હયઉલા-વિર્યમાં ઘણા બાળકો સંભવે છે; આ જગત પહેલાં બુદ્ધિગમ્ય હદ પછી ત્રીજું હોવાથી તેમાં, અકલે કુલના ટેકાથી નફ્સે કુલ તરફથી જે કાંઇ દ્રષ્ટિગોચર થાય છે તે બધું એ ત્રણ પ્રકારના વર્ગને લગતું હોય છે. આમાંનો પહેલો વર્ગ ઉગી નીકળનારો નફ્સ-જીવ છે કે જે પૃથ્વી ઉપર ઉગતા તરેહવાર ઘાસ અને ઝાડ જેવા છોડવાઓમાં રહેલો છે, તેનો છે; બીજો વર્ગ સાન-શુદ્ધિ ધરાવનાર જીવનો છે કે જે બધાં વનસ્પતિઆહારી, માંસાહારી અથવા જળચર અબોલ પ્રાણીઓમાં રહેલા છે. ત્રીજો વર્ગ બોલતા જીવ (સુખનગોઇ)નો કે જે

મનુષ્યપ્રાણીઓમાં રહેલાનો છે, કે જેને બોલવાની શક્તિ અને અકલ બુધ્ધિમાંથી હિસ્સો મેળવવાના ગુણની નવાજેશ કરવામાં આવેલ છે.

જીવ નફસના આ ત્રણે જુદા જુદા પ્રકારો નફસે કુલમાંથી અસર મેળવે છે, આ ત્રણે જુદા જુદા પ્રકારોમાંના પહેલાં બેને અકલે કુલ તરફથી જેમ મનુષ્યના જીવાત્માને પોષણ મળે છે તેમ મળતુ નથી; એટલે જે કોઇ ચીજને એના યાને અકલેકુલના તરફથી પોષણ ન મળે તે તેના તરફ પાછી ફરતી નથી એટલે કે આખરે તેમાં મળી જતી નથી. એટલા ખાતર વનસ્પતિમાં રહેલા કે હયવાનોમાં રહેલા જીવોને ઉચ્ચતર જગતમાં જવાનો કોઇ સંજોગ નથી અને જે કોઇ વાચાળ જીવને અકલે કુલ તરફથી અસર મળતી નથી તે પણ તે જગતમાં પાછા ફરવા અશકત નિવડે છે.

નફસે કુલનું કાર્ય સુર્ય તરફથી જમીન ઉપર પડતા પ્રકાશ જેવું છે કે જેનાથી જમીન ઉજાસને લીધે ઝગમગાટ મારે છે, પણ જ્યારે સુર્ય આથમી જાય છે ત્યારે ઉજાસ પણ અલોપ થઇ જાય છે. જ્યારે સુર્યના પ્રકાશનો અમુક જથ્થો સંગ્રહી શકે એવા પાસાદાર કાચ અથવા અરીસા ઉપર સુર્ય પ્રકાશે છે, ત્યારે આ પાસાદાર કાચ અથવા અરીસામાં એવો ચળકાટ નીકળે છે કે તે તેમાંથી આગ

સળગી શકે કે જેમાંથી કોઈપણ વખત પ્રકાશ મેળવી શકાય છે. આ પ્રકાશ અને ગરમી સંબંધી તેના ગજાના પ્રમાણમાં સુર્ય જેટલું કરે છે તેટલું તે કરી શકે છે. એજ પ્રમાણે જ્યારે મનુષ્ય શરીરમાં નફસે કુલની શક્તિ ઉત્પન્ન થાય છે અને પોતાની અસલિયત સંબંધમાં શિક્ષણ મેળવવા અકલે કુલ તરફથી તેને પોષણ મળે છે ત્યારે, ખુદાવન્દતઆલાની તવહીદની શનાખત થવાને લીધે, જેવી રીતે સુર્યના પ્રકાશની પાસાદાર કાચ અથવા અરીસા ઉપર પડતા પ્રકાશની ક્રિયા સુર્યમાં જે તાસીર હોય છે તેવીજ તાસીર તેમાં નિપજાવી શકે છે, તેવીજ રીતે કે મનુષ્ય શરીરમાંનો આત્મા નફસે કુલના જેવો બની જાય છે, પણ જ્યારે સુર્ય આથમી જાય છે ત્યારે એ આગમાંની તાસીર પણ બંધ થઈ જાય છે, એજ પ્રમાણે જો એ જીવ-નફસ અકલ પાસેથી પોષણ મેળવે અને તેના જેવો બની જાય તો તે પહેલાં નફસે કુલમાં મળી જાય છે અને (જ્યારે નફસે કુલ અક્કલે કુલમાં મળી જાય છે ત્યારે એ અનંત સુખ અખન્ડાનંદ પ્રાપ્ત કરે છે.)

આ પ્રમાણે આપણે જાણી શકયા કે ભૌતિક જગતમાં નફસની ત્રણ જાતો છે જેવી કે એક છોડો યાને વંનસ્પતિમાં હોય છે એવી ઉગીને વધનારી, બીજી હેવાનોમાં હોય છે યાને આરોગનારી અને ત્રીજી પ્રાણીઓમાં હોય છે એ

વાચાવાળી; એટલે આપણે ત્રણેનો ભેગો સમાવેશ માણસમાં થયેલો જોઇએ છીએ. એ ઉપરથી આપણે કહી શકીએ છીએ કે માણસ વનસ્પતિની માફક વધે છે, કારણ કે ખોરાક લેવાથી તે મોટો થતો જાય છે, તેમજ તેમાં હેવાનોના જેવો આરોગવાનો ગુણ હોવાથી તે ખોરાક ખાય છે અને પીણું પીએ છે. આ બે ગુણ ઉપરાંત તેનામાં વધારાનો ત્રીજો ગુણ પણ છે કે જે વાચા છે. એ મુજબ આપણે કહી શકીએ કે આ પ્રમાણે માણસથી જગત સમ્પુર્ણ બને છે અને એ મુજબ થવું અગત્યનું છે.

આ પ્રમાણે જો સમ્પુર્ણતા માણસ થકી પ્રાપ્ત થતી હોય તો એ જરૂરનું છે કે માણસોનો જીવાત્મા (નફસે મર્દુમ) શરીરમાંથી છુટો થઇ, જ્યાંથી તે નીચે ઉતરી આવેલ છે તે ઉંચ જગત (આલવે અલવી)માં જવાને શક્તિવાન બને કે જ્યાંથી તેણે આ દુનિયામાં પાછું આવવું જોઇએ નહિ; કારણ કે એ ખામી સુધરી ગયા પછી કાંઇપણ કરવાપણું રહેતું નથી જો મનુષ્યનો જીવાત્મા અહિં હોય અને તેના દ્વારા દુનિયા પુર્ણ બની ગઇ હોય, તો તેને અહિં પાછો લાવવાનું અશકય ગણાય; કારણ કે પુર્ણતા ઉપરનો વધારો એક પ્રકારની ખામી બની જાય છે. જો તેને અહિં પાછો લાવવામાં આવે તો પણ



For M/S. A HIRANI AND CO.

તે આજે છે તેના કરતાં તેમાં કાંઇ ફરક પડનાર નથી, અને જો તે આગળ હતો તેવોજ રહીને પાછો ફરે તો આજે જે પ્રમાણે વર્તે છે, બરાબર એજ પ્રમાણે તે વર્તશે. જેમકે ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૬ આ. ૨૮)માં ફરમાવે છે કે 'અને જો તેઓને પાછા મોકલવામાં આવે તો પણ જેની તેઓને મના કરવામાં આવી હતી, તે તરફ તેઓ પાછા ફરશે અને ખરેખર તેઓ જુઠું બોલનારા છે.' આની મતલબ એ છે કે; તે દિવસે પાપીઓના આત્માઓ કહેશે કે, "ઓ, જો અમને એ જગતમાં તેઓ પાછા લઇ જાય તો અમે જમાનાના ઇમામના ફરમાનો પ્રમાણે જીવન જીવશું અને મોમીન બનશું." ત્યારે તેમને એમ કહેવામાંઆવશે કે, "જો તમને ત્યાં લઇ જવામાં આવશે તો તેઓ (અગાઉ) જેવા કાર્યો કરતા હતા, તેવાજ કાર્યો કરશે, કારણ કે તેઓ જુઠા છે."

એથી અમે કહીએ છીએ કે "નફસે કુલ"નું બળ આખા જગત ઉપર પ્રસરેલ છે અને તેનાથી તે ભરપુર છે, પણ તે ચૈતન્યરૂપમાં (લતીફ) હોવાથી તે કોઇ પણ જગ્યા રોકતું નથી; જો કે દુનિયામાં કોઇ પણ જગ્યા "નફસે કુલ" વગરની યાને ખાલી રહેલ નથી, છતાં તેનું ખાસ કોઇ અસ્તિત્વ નથી (અઝ જાયે ખુદ હસ્તી ન દારદ)

જગત તેમાંથી ઉદ્‌ભવેલ હોવાથી, જ્યારે જ્યારે મૂળતત્ત્વોથી કોઇ ચીજ ઉત્પન્‍ન થાય છે ત્યારે ત્યારે નફસે કુલની અસર તે અસ્તિત્વ લઇ લે છે અને તે સજીવ બની જાય છે અને પછી ભલે એ પ્રવૃત્તિ (જુમ્બીશ)માંથી એક છોડ અસ્તિત્વમાં આવે.

એક મનુષ્ય પ્રાણી તેની માતાના ગર્ભાશયમાં એક છોડ જેવો બને છે અને જેવી રીતે એક છોડ અજાણપણે વધ્યે જાય છે તેવી રીતે, યત્ન કર્યા વગર અજાણપણે તે વધવા માંડે છે. ત્યારબાદ તેની માતા તેને જન્મ આપે છે અને તે દુનિયામાં આવે છે, એટલે એ એક જાનવર કે જેને ખાવા અને સુવા સિવાય બીજી કાંઇ સાન હોતી નથી તેના જેવો બને છે; જે કાંઇ તેના હાથમાં આવે તે, પછી સુકી પરાળ હોય અથવા સુગંધીદાર ઘાસ હોય તેમાં કાંઇ પણ ફરક સમજ્યા વગર જેમ જાનવર ચાવી ગળે ઉતારી જાય છે તેમ, મ્હોમાં મુકે છે એ પ્રમાણે એક ન્હાનકડું બાળક હયવાનની તરેહ વર્તે છે. ખાવાની વસ્તુ સિવાય બીજી કોઇ ચીજની તે માંગણી નથી કરતું જે કાંઇ તેના હાથમાં કે મ્હોમાં મુકવામાં આવે તેને તે તુરતજ ખાવા લાગે છે. જ્યાં સુધી બુદ્ધિગમ્ય “નફસ” પોતાની અસર તેની ઉપર નથી પાડતું અને તે બોલવાને શક્તિમાન નથી થતું ત્યાં સુધી તે આજ

હાલતમાં રહે છે. ત્યારબાદ એ બાળક બોલવા અને દરેક ચીજોનાં નામો જાણવા માંડશે.

હવે આપણે સમજી શકયા કે આ જગતની ઉત્પત્તિમાં ખરી રીતે પ્હેલાં "નફસે નામીયા" યાને વનસ્પતિ અને છોડવાઓમાં હોય છે તેવો, ઉગીને વધવાની શક્તિવાળો જીવ હસ્તીમાં આવ્યો અને થોડા વખત પછી હેવાનોમાં ખાસ હોય છે એવો, સ્હેજ સાનવાળો જીવ-નફસ (હિસ્સીયા) અને તે પછી થોડા વખતે વનસ્પતિ અને છોડો તેમજ હયવાનોથી ઉંચી પાયરીએ મુકનારો, મનુષ્ય પ્રાણીઓમાં ખાસ હોય છે એવો બોલવાની શક્તિવાળો નફસ હસ્તીમાં આવ્યો. આ ત્રણે શક્તિ એક સાથે મનુષ્યમાં આવેલી છે અને વળી મનુષ્ય પ્રાણીથી ચઢી જાય એવી કોઇ પણ ચીજ જગતે ઉત્પન્ન કરી નથી.

આ ઉપરથી આપણને ખાત્રી થાય છે કે નફસ તરફથી માણસ કરતાં વધારે ઉમદા અને મ્હાન કોઇ પણ વસ્તુ ઉત્પન્ન થયેલ નથી. ઝગમગાટ મારતા તારાઓ સાથેનું નભોમંડળનું ભ્રમણ તેણે મહાન માણસ જાત માટે ઉત્પન્ન કરેલ છે, કારણ કે જગતની ઉત્પતિનો હેતુ જો બર આવી ગયો હોત તો તે ભ્રમણ બંધ પડી ગયું હોત.

મનુષ્યનું શરીર પોતાનું પોષણ આ પૃથ્વીમાંથી મેળવતું

હોવાથી જ્યારે જીવ તેનાથી છુટો થાય ત્યારે તે યાને શરીર મુળતત્વોમાં અવશ્ય મળી જાય છે; કારણ કે એ મુળતત્ત્વો તેના યાને શરીરના ઉત્પત્તિસ્થાન એટલે કે અસલ મુકામ છે. એવા જ કારણોને લઇને જીવાત્મા પાછો વળીને 'નફસે કુલ'માં અનિવાર્ય રીતે જઇ મળે છે. સવાલ માત્ર તે કેવી રીતે પાછો થઇ જઇ મળે એ સંબંધી છે. જો તે હિકમત ભરી રીતે પોતાના અસલ વતનમાં પાછો થઇ જઇ મળે તો જીવ રાહત શાન્તિ મેળવે છે કે જેને ઘણાઓ ખુદ ખુદા જેવી હાલતની ઉપમા આપે છે. કારણ કે તેઓનું કહેવું છે કે ખુદ ખુદાતઆલાએ આ જગત ઉત્પન્ન કરેલ છે; પણ આપણે જોઇ ગયા તેમ જેણે આ જગતની રચના કરી (તરકીબ કરદા અસ્ત) તે નફસે કુલ છે અને તેથી મનુષ્યનો જીવ પાછો થઇ તેમાં જઇ મળશે. જ્યારે મોમીન નફસે કુલમાં ફરી પાછો જઇ મળી જાય છે. ત્યારે તે જગતના સર્જનહાર જેવો બની જશે. એ પ્રકારના જનો જે કહે છે તેના કરતાં વધારે મહાન, ઘણો ઘણો મહાન ખુદાતઆલા હો ! -તે ખુદાવન્દતઆલા, લોકો કહે છે તેનાથી ઘણો મહાન ઊંચા દરજ્જાવાળો છે.

પણ જો કદાચ નફસે જુઝવી યાને કોઇ વ્યક્તિગત જીવનું પોતાના અસલ વતનમાં પાછું ફરવું હિકમત

વગરનું હશે તો, તેના ઉપર દુઃખો અને મુશ્કેલીઓ આવી પડશે કે જેના સંકટનું વર્ણન એવી રીતે કરવામાં આવેલ છે કે તેને દોઝખની આગમાં નાખવામાં આવશે કે જે સ્થિતિનો કદી પણ અંત આવશે નહિ, - ખુદાવન્દતઆલા આપણને આગની સજાથી બચાવે !

મોમીન તે છે કે ખુદાઈ કાનુનો (હુદુદ) પિછાણે છે, ખોટા વિષેશણો તેને યાને ખુદતઆલાને લગાડતો નથી અને દરેક કાનુન (હદ)ની અગત્યતા પિછાણીને, ખુદાતઆલાએ તેની ઉત્પન્ન કરેલી કોઈ પણ ચીજના બરાબર ગણતો નથી. લોકોના સંબંધમાં જેમ ખુદાતઆલાએ (કુરાને શરીફ સુરા ૧૧ આયાત ૩ માં) ફરમાવ્યું છે કેઃ- "અને એટલા માટે કે તમે તમારા પરવરદિગાર પાસે માફી માંગો, પછી તેની તરફ પશ્ચાતાપ કરતા પાછા ફરો કે જેથી તે તમને નિમેલા વખત (મરણ) સુધી સારી જીન્દગી જે ઉપભોગ કરવામાં આવે, અને દરેક અત્યંત ધાર્મિક માણસને તેની ધર્મિષ્ઠતાનો બદલો આપે; અને જો તમે તમારી પીઠ ફેરવો તો ખરેખર તમારે માટે મ્હોટા દિવસની શિક્ષાથી હું ડરૂં છું."

"નિમેલ વખત"નો અર્થ એમ છે કે "તે તમને આ દુનિયામાં ઈલ્મે હકીકત તરફનો રસ્તો બતાવશે." જ્યારે કે તમે તમારા ઝમાનાના ઈમામ (ખુદાવન્દે ઝમાનાયે

ખીશ) કે જે તમારા જીવોનો પરવરદિગાર છે. તેને ઈલ્મથી ઓળખશો. ત્યારપછી તેણે ખુદાતઆલાએ ફરમાવ્યું કેઃ "દરેક દયાળુ મૌલા (ખુદાવંદે ફઝલ)ને તેમના દરજ્જા પ્રમાણેનો હક્ક આપો, યાને તેમના તરફ તમારી ફરજ અદા કરો. જો તમે તેમનાથી તમારૂં મોઢું ફેરવી લેશો (યાને તેનાથી તમે ફરી જશો) તો તે મહાન દિવસ (કયામતના દિવસ)ની પીડાઓમાંથી થોડીક તમારા ઉપર મોકલીશ."

એટલા માટે દરેક મોમિને ભૌત્તિક અને આત્મિક જગતના દરેક બંધારણ (હદ અઝ હુદુદ)નો સાચો દરજ્જો ઓળખવો જોઈએ, અને ન્હાનાને મોટા તરીકે ઓળખી તે મુજબ કબુલ કરી લેવું જોઈએ નહિ; તેમજ મોટાને ન્હાના તરીકે ગણી લેવો જોઈએ નહિ પણ રાહે રાસ્ત ઉપર ચાલીને આ બાબતમાં બરાબર વર્તવું જોઈએ. જે કોઈ શખ્સ ન્હાની હદને મોટી તરીકે ગણે છે તેની ગણત્રી તેઓમાનાં એક તરીકે થશે કે જેમ ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૫ આયાત ૭૨માં) ફરમાવે છે કે, "ખરેખર, તેઓ કાફર થયા છે કે જેઓએ કહ્યું કે મરયમનો પુત્ર મસીહ ખુદા છે અને મસીહે કહ્યું કે હે એસરાયેલના દીકરાઓ, ખુદાની બંદગી કરો કે જે મ્હારો પરવરદેગાર અને તમારો પરવરદેગાર છે. ખરેખર જે

કોઇ ખુદાની સાથે (બીજાને) શરીક કરે છે તેને માટે ખુદાએ બ્હેસ્ત હરામ કર્યું છે, અને તેનું રહેઠાણ આગ છે અને ઝુલમગાર માટે કોઇ મદદગાર નથી."

તે બાદ અમે કહીએ છીએ કે "નફ્સે કુલ'ની પુર્ણતા અને તેની પુર્ણતાની સંભવિત શકયતાની હાલતમાંથી વાસ્તવિકતાની હાલતમાં આવવાનું કાર્ય નાતિકો, અસાસ, ઈમામો અને તેમના મુરીદોના આત્માઓ વડે પુરૂં થાય છે. આ આત્માઓ આ શરીરોમાં દાખલ થયા અગાઉ હસ્તીમાં નથી હોતા (કારણ કે તમે તેમને બતાવી શકો તેમ નથી), પણ તેઓ પોતાની અસલિયાત (કુલે ખીશ)માં સંભવિત રીતે રહેલાં હોય છે, જેવી રીતે કે એક માણસમાં સંભવિત રીતે ઘણા માણસો હોય છે (એટલે કે એક માણસમાં તેના વંશવેલાના ઘણા માણસો સમાયેલા હોઇ શકે છે.) આ બરાબર એના જેવું છે કે બધા અલવીઓ (એટલે કે અલીના ગાદીવારસો) જેઓ અત્યારે દુનિયામાં રૂહાનીયો (રૂપે) છે, અને તેઓ કે જેઓ તેમની અગાઉ હતા અથવા તેમના બાદ થશે તે બધાં અમીરૂલ મોમનીન હ. અલીના રૂહાની અસલિયાત કે જે સંભવિત રીતે પોતામાં રાખી રહેલ છે તેમાંથી છે; પણ જ્યાં સુધી તેઓ તેઓના શરીરો સાથે જોડાયેલા નથી હોતાં ત્યાં

સુધી તેમની ભાળ મેળવવાનું અથવા તેમની ગણત્રી કરવાનું બનીશકતું નથી.

એજ પ્રમાણે આ દુનિયામાં જે લોકો અસ્તિત્વમાં આવ્યા છે તે બધાં એક સાથે સંભવિત રીતે "નફસે કુલ"માં સમાયેલા હતા અને આસ્તે આસ્તે તેમાંથી બહાર પડી જગતમાં આવેલ છે. જગત પોતે અસ્તિત્વમાં આવ્યા પહેલાં અખંડિત પણે "નફસે કુલ"માં હતું પણ તેને કોઇ દ્રષ્યમાન સ્વરૂપ ન્હોતું, અને જ્યાંસુધી તે અસ્તિત્વમાં ન આવ્યું ત્યાં સુધી તેમાં ભેદ પડેલો ન્હોતો. બધા મનુષ્યો જગતની અંદર સંભવિત રીચે સમાયેલાં છે એ વાતની સાબીતી એ છે કે તેઓ તેમાંથી ઉત્પન્ન થાય છે અને આપણે સમજીએ છીએ કે અમુક ચીજમાં જ્યાંસુધી અમુક વસ્તુ સમાયેલી નથી હોતી ત્યાંસુધી તે તેમાંથી ઉત્પન્ન થતી નથી.

એના દાખલા તરીકે ઘઉંના દરેક દાણામાં, તેમાંથી ઉત્પન્ન થનારા ઘણા દાણાઓ સમાયેલાં છે પણ એક રેતીના કણમાં ઘઉં સમાયેલા હોતા નથી.

હવે જ્યારે આપણને એ વાતની ખાત્રી થઇ કે જગત એ "નફસે કુલ"ની પેદાશ છે એટલે આપણે એ સમજી લેવું જોઇએ કે દરેક મખલુકાત એજ પ્રમાણે તેમાંથી

ઉત્પન્ન થાય છે અને જગત તેની દ્વારા ઉત્પાદક બનેલું છે. આ પ્રમાણે મખલુકાત એજ રીતે જગતમાંથી હસ્તીમાં આવેલ હોવાથી જગત, એ "નફસે કુલ"ની પેદાશ તરીકે સાબિત થાય છે અને દરેક મનુષ્ય પ્રાણીઓ સંભવિત રીતે "નફસે કુલ"માં સમાયેલા હતા એ સત્ય હકીકત તરીકે સાબિત છે.

'નફસે કુલ'ને એ શક્તિ (કુવ્વત) 'અકલેકુલ' તરફથી મળેલ છે એટલા માટે માણસનું મુળ (અસલીયાત) શબ્દ (કલિમા)માં છે, પણ તે એક શક્તિ (કુવ્વત) તરીકે રહેલ છે અને તે ફક્ત આ જગતમાં વહેવારૂ રૂપમાં આવેલ છે. તેમા વહેવારૂ રૂપે આવવાનો હેતુ પોતાના અસલિયાતના જેવો બનવાનો અને પેગમ્બર કે જે આ જગતમાં "નફસ"નો કાર્યસાધક દરજ્જો ધરાવે છે તેમના તરફથી જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે. જ્યારે ઈલાહી કાનુનો (હુદુદ)નો સ્વિકાર કરે અને ખુદાઈ તવહીદને પિછાણે ત્યારે તેઓ "નફસે કુલ" જેવા બનશે અને એ મુજબ તેઓ તેમાં મળી જશે અને પોતાનો બદલો મેળવશે.

આની મિસાલ વિર્યના ટીપાં જેવી છે કે જે માતાના ગર્ભાશયમાં પડે છે અને ત્યાં પોષણ મેળવીને પોતાના માતાપિતા જેવું બને છે; તેમ છતાં જે જીવો જે તવહીદની

શનાખત ન મેળવે અને રહેબરી માટે કોઈ દૈવી વ્યક્તિનો સમાગમ ન સાધે તો, તેઓ આ દુનિયામાં જનાવરો જેમ ખાય છે, પીએ છે અને પછી મૃત્યુ પામે છે તેનાં જેવું જીવન જીવે છે અને તેઓને કોઈ બદલો મળી શકતો નથી અને એ, મનુષ્યમાંથી બહાર પડતાં એ વિર્યની માફક છે કે જેમાંથી ક્ષણિક આનંદ સિવાય, ન તો છોકરો કે ન તો છોકરી, બેમાંથી એકે પેદા થાય છે. તે પ્રવાહી વિર્ય માદાના ગર્ભાશયમાં ટકી રહીને એક બાળકનું સ્વરૂપ બની શકતું નથી.

દુનિયામાં એવું ઘણી વખત બને છે કે એક માણસને એકજ બાળક હોય છે, જો કે તે પોતાની જીંદગી દરમ્યાન ઘણી વખત સ્ત્રી સમાગમ કરે છે. આ એના કાબુ બહારની વસ્તુ છે; કારણ કે દરેક સ્ત્રી સમાગમમાં ગર્ભ રહી શકતો નથી. આજ પ્રમાણે એક માણસ સ્વરૂપમાં જેં કોઈ વ્યક્તિ બીજાઓને તઆલીમ આપે એટલે એ દરેક વ્યક્તિ પેગમ્બર થઈ જાય એમ સમજવાનું નથી. જો એમ હોત તો જે હેતુ માટે આ જગતની ઉત્પતી કરવામાં આવેલ છે તે હેતું હમણાં જ બર આવી ગયેલો ગણાય અને આકાશ યાને ગ્રહમંડળ ભ્રમણ કરતું બંધ પડી સ્થિર બની જાય; એટલા માટે એ લોકો કે જેમણે

જન્મ ધારણ કરેલ છે તેઓ જ્ઞાન ન મેળવે અને સત્ય પંથે ન વિચરે અને સત્યના ધણીઓ, ખુદાવન્દને હક યાને જમાનાના ઈમામોની વિરૂદ્ધતા કરે, પોતાના હલકા મનોવિકાર પ્રમાણે વર્તન કરે તેઓ હમેશાં મળતી સજા સદા ભોગવશે અને "નફસે કુલ"માં પાછા મળી જશે નહિ. આ એક બાળકની મિસાલ છે કે જે તેની માતાના ગર્ભાશયનું પુરેપુરૂં વિકાસ પામતું નથી અને જે કાંઈ તેને જરૂરનું હોય તે બધું બરાબર અને જેટલું સાધારણ મનુષ્યકારને જોઈએ તેટલું તેને મળી શકતું નથી; તેનાં શરીરનો બાંધો ખામીભર્યો, નબળો, તેને આંખો કે કાનો ન હોય એવો બને છે અને તે પોતાની આખી જીન્દગી દરમ્યાન બિમાર અને દુ:ખી સ્થિતિમાં રહે છે, એના જેમ છે.

ખરેખર એ જાણવું અગત્યનું છે કે આત્માઓનો શરીરોમાં જન્મ અને ઉચ્છેર સંપુર્ણ રીતે ખુદ શરીરોનાં જન્મ અને ઉચ્છેરને અનુરૂપ છે. આ અને એમાં જરાયે વધારે કે ઓછું નથી; જેમકે ખુદાવન્દતાઆલા (કુરાને શરીફ સુરા ૫૬ આ. ૬૧)માં ફરમાવે છે કે "...અને અમે તમને તે (આકાર)માં ફરી પેદા કરીએ કે જે તમે જાણતા નથી (૬૧) અને ખરેખર તમે પહેલી ઉત્પત્તિ જાણી છે, ત્યારે શા માટે યાદ કરતા નથી ? (૬૨)"

આની મતલબ એ છે કે જો તમને ખબર હોય કે તમારા જીવોની ઉત્પત્તિ શરીરોની ઉત્પત્તિ જેવી છે તો તમે ભુલથાપમાં પડો નહિ; પણ શરીરના ઉચ્છેરના કાર્યનો આધાર "નફસ"ની શક્તિ ઉપર છે. એ ઉપરથી એ ફલિત થાય છે કે સૃષ્ટિમાં નફસની સ્થિતિ અને ઉચ્છેરવાનું કાર્ય બેઉ શરીરના એ કાર્યોની બરાબર હોવા જોઇએ. જેમકે ખુદાતઆલા કુરાને શરીફ (સુરા ૩૧ આ. ૨૮માં) ફરમાવે છે કે "તમને પેદા કરવા અને તેમજ તમને પાછા ઊભા કરવા તે માત્ર એક જ માણસને પેદા કરવા જેવું છે."

"અમે એ પણ જાણવા માગીએ છીએ કે અમારે ખુદાતઆલાના ફરમાન મુજબ ઉચે હુદુદની પુજા કરવી કે કેમ ?" એ સવાલના જવાબમાં અમે જણાવીએ છીએ કે, તમારે એ સમજી લેવું જોઇએ કે "તવહીદ"ની પીછાણ માટે એ જરૂરનું છે કે તમારે ઉંચા કે નીચા કોઇ પણ હદને ખુદા તરીકે ગણવો અથવા ગણવા માટેની ઇચ્છા કરવી જોઇએ નહિ. "હદો" તરીકે તેઓ ખુદા હોઇ શકે નહિ એટલે તેમની પુજા થઇ શકે નહિ.

ખુદાતઆલાની પ્રથમ પુજા "અકલે કુલ"માંથી ઉદ્‌ભવે છે કે જે આભાર દર્શનની બંદગી છે. તેના જેવી બંદગી કોઇ પ્રાણી કરી શકતું નથી. તેની મહત્તા, પાકીઝગી,

શક્તિઓ અને હિકમતથી થતી બંદગીને કોઇ હદ નથી. તેના પછી બીજા નંબરે "નફસે કુલ"ની, એણે પોતામાંથી ઉત્પન્ન કરેલ આ મહાન સૃષ્ટિરૂપે, બન્દગી છે. ખુદાવન્દતાલા જલલશાનહુની તેની બંદગીનું આ સ્વરૂપ છે. જે કાંઇ કરી શકવાની તેનામાં શક્તિ છે તે બધી ખુદાતઆલાની એ બંદગીમાં સમાયેલ છે. તે આટલા બધા મહાત્માઓ (નફસહાઇએ બુઝુર્ગ વાર)ને પેદા કરે છે તેમજ કયામત સુધી કે જ્યારે, મખલુ કાતમાં સર્વ શ્રેષ્ટ એવા "કાયમ" - જેના ઉપર ઉત્તમમાં ઉત્તમ સલામ હો-ને પેદા કરશે, ત્યાં સુધી એવા મહાત્માઓ પેદા કર્યા કરશે.

દરેક ઉંચ હુદુદ (હુદુદે અલવી) તરફથી બંદગી તેની શક્તિઓને આભારી છે. આ ભૌતિક જગતમાં નાતિક અલહીસલામની બંદગીનો દરજ્જો પ્હેલો છે કે જે આ જગતમાં સર્વશ્રેષ્ટ અને સર્વ સંપુર્ણ બંદગીનું સંપુર્ણ સ્વરૂપ છે; કારણ કે તેના જેવી બંદગી કોઇપણ ખુદાનો બંદો અદા કરી શકતો નથી. ત્યારપછી અસાસ તરફની બંદગી છે કે જેમાં બધા બંદગી ગુજારનારાઓની બંદગીઓની આખરી હદો મળી ગયેલ છે. ત્યારબાદ સાચા ઇમામે (ઇમામે બ હક્ક)ની બંદગી આવે છે. ત્યાર પછી આવે છે તેના બાબ, હુજ્જતો, દાઇયો, માઝુનો

અને મુસ્તજીબોની યોગ્ય ક્રમવાર બંદગીઓ. વધારે માહિતગાર અને વધારે આગળ વધેલાં દરેક બંદાની બંદગી વધારે ઉંચ, સંગીન (બુઝર્ગવાર વ બિશતર) અને ખુદાતઆલાને વધારે ખુશ કરનારી હોય છે. અકલેકુલથી મુસ્તજીબ સુધીના બધા ખુદાતઆલાની બંદગી કરવાની અને બદલો મેળવવાની ઇચ્છા રાખે છે કે જે તેઓ "અકલે કુલ" તરફની બંદગીને વચમાં રાખ્યા વગર બજાવે છે અને તેઓ બંદગીમાં "અકલે કુલ"ના જેવા બને એવો પોતાથી બનતો દરેક પ્રયાસ કરે છે.

ખુદાતઆલાને તેની, લોકો બંદગી કરે યા ઇલ્મ મેળવે તેથી કાંઇપણ ફાયદો થતો નથી અથવા તેમની બિન તાબેદારીથી તેને કાંઇ નુકશાન પણ પહોંચતું નથી; તો પછી તેની બંદગી કરવાથી અને ઇલ્મ મેળવવાથી માણસોને શા માટે બદલો મળવો જોઇએ ? એ સવાલનો જવાબ આ પ્રમાણે છે.

બંદગી એ પ્હેલી દુનિયામાં શરીર મિસાલ અને ઇલ્મ એ એક આત્મા મિસાલ છે. જે કોઇ વ્યક્તિને જેમ વધારે જ્ઞાન હોય અને તે વધારે પવિત્ર હોય તેમ તેનું આત્મિક શરીર વધારે બળવાન બને છે જ્યારે તેના આમાલ તેના ઇલ્મના જેવા થાય છે ત્યારે તે આત્માનું

સ્વરૂપ સંપુર્ણ બને છે. ઉચ્ચ દુનિયા (આલમે અલવી)માં તે, જેવી રીતે આ જગતમાં એક સશક્ત શરીર આ દુનિયાના સુખો સંપુર્ણપણે માણી શકે છે તેવી રીતે તે દુનિયાના બધા પ્રકારના સુખ અને આનંદ મેળવે છે. એટલા ખાતર ઈલ્મ મેળવવાની તમન્ના અને આ જગતમાંની સારી વર્તણુક માણસને, આખરતમાં, મૃત્યુ બાદનાં જીવનમાં, તેનાં રસ્તાઓ સાફ બનાવવામાં મદદ કરે છે. તેની વર્તણુક શરીર મિસાલ છે અને તેનું ઈલ્મ જીવ (જાન) મિસાલ છે; જેવી રીતે કે ખુદાતઆલા (કુરાને શરીફ સુરા ૩૫ આ. ૧૦માં) ફરમાવે છે કે:"તેના તરફ પાક શબ્દો તેના તરફ ઉંચે ચડે છે અને સારૂં કામ પાક શબ્દોને ઉંચા ચડાવે છે." એટલે કે પાક શબ્દો વધારે બળવાન છે અને સારા આમાલ તેને ટેકો આપે છે. એટલા માટે જે કોઈ જેવું બળવાન સ્વરૂપ ત્યાં મોકલે છે તેજ મુજબના વધારે સુખો તે ત્યાં ભોગવે છે; જેવી રીતે ખુદાવંદતઆલા (કુરાને શરીફ સુરા ૭૩ આ. ૨૦ માં) ફરમાવે છે કે "અને બન્દગી અદા કરો અને ઝકાત આપો અને ખુદાને નિખાલસપણે ધીરો અને જે ભલું આગળથી તમે તમારે પોતાને માટે મોકલો છો તે તમને ખુદા પાસેથી મળશે, તે વધારે સારૂં અને બદલામાં વધારે મ્હોટું છે."

ખુદાને ધીરવું (હસનાન) એટલે મોમીને માલેવાજબાત આપવાની ફરજ અદા કરવી કે જેથી તેણે ખુદાવન્દતઆલા તરફની વફાદારીના લીધેલા સોંગદ એમ કર્યાથી યાને એ ફરજ અદા કર્યાથી બરાબર પાળ્યા ગણાય.

આગળ જતાં વધુમાં ખુદાવન્દતાઆલા ફરમાવે છે કે "અને જે (ભલું) આગળથી તમે તમારા પોતાના માટે મોકલો છો." એટલે કે ઈલ્મ અને સારા આમાલથી જે કાંઈ તેઓ પ્રાપ્ત કરે તે બધું ખુદાતઆલા પાસે ઉત્તમ છે અને તેને તેનો મ્હાન બદલો મળે છે; પણ જેઓ ઈલ્મ હાસિલ કરે છે પણ તેમનું વર્તન સદ્‌ગુણી નથી તેમના આત્માઓ પેલી દુનિયામાં માંદલા અને આંધળા હશે અને તેઓ હંમેશા માટે સજા ભોગવતા રહેશે. જેવી રીતે ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૨૦ આ ૧૨૫-૧૨૭માં) ફરમાવે છે કે "...અને તે કહેશે કે હે પરવરદેગાર, તું શા માટે મને આંધળો બાહર લાવ્યો ? અને હું તો દેખતો હતો (૧૨૫) ખુદા કહેશે, આ પ્રમાણે ત્હારી પાસે અમારી નિશાનીઓ આવી અને તું તે વિસરી ગયો. (૧૨૬) અને આ પ્રમાણે આજે તું વિસરાઈ જઈશ (તજાઈશ) ૧૨૬)." કયામતને દિવસે એવા કમનશીબ જીવો એ પ્રમાણે કહેશે. ભુલી જવું એટલે ફરી જવું અને

ખુદાતઆલાની નિશાનીઓ "ઈમામો" અલહીસલામ છે.

એ મુજબ અમે કહીએ છીએ કે બંદગીથી ફાયદો અને નાફરમાનીથી નુકશાન જીવને પોતાને છે; ખુદાવન્દતઆલા જલલનશાહુને ને નહિ ! જો કોઇ જીવ ઈલ્મ હાંસલ કરે પણ તે પ્રમાણે આમાલ ન કરે (આમાલ ન કુનદ) તો તે આખરતમાં માંદલો અને આંધળો થશે. એ દુનિયાના મિઠાઇ મેવા એ બિચારાનાં મ્હોંને કડવાં લાગશે તેનું માથું ઝળકાટને લીધે દુઃખવા માંડશે અને તેને કોઇ તરફથી દુઃખ અપાયા વગર તે દુઃખી થશે. અને તે મેવા મિઠાઇ અને પ્રકાશનો ઉપયોગ કરી શકશે નહિ.

આ ભૌતિક જગતમાં મનુષ્ય આત્મા શા માટે આવ્યો તેનું કારણ અમે ઉપર ટુંકમાં દર્શાવી ગયા તે છે કે જેથી એક મોમીન ખાત્રીપુર્વક સમજી લે કે તેને અહિં એટલા માટે લાવવામાં આવેલ છે કે તે ઈલ્મથી પોષાઈ મોટો થઇ પોતાનાં અસલ વતનમાં પાછો જઇ મળે અને તેની હયાતીનું કારણ "નફસ" અને "અકલ" વચ્ચે દેખાતી ખામીને આભારી છે. જ્યાં સુધી આત્મા આ દુનિયામાં આવતો નથી ત્યાં સુધી ન તો તે પોતાનું વ્યક્તિત્વ પ્રાપ્ત કરે છે કે ન તો પોતાનું તત્વ (ઝાત) હાંસલ કરી

શકે છે કે ન તો સ્વતંત્ર હસ્તી (ઈશરાત) મેળવે છે. હવે જ્યારે તેણે પોતાનું અસ્તિત્વ મેળવેલ છે એટલે તેને પોતાની અસલિયાતનો ખ્યાલ (સુરતે કુલે ખીશ) મેળવવાની શક્તિ પણ આપવામાં આવેલ છે. જો એ ગુન્હાઓ કરે અને પોતાના મનુષ્ય તરીકેની ઉત્પત્તિને વેડફી નાંખે તો તે સજાને પાત્ર ઠરે છે. એમ છતાં જો તે સત્યના શાહ (ખુદાવન્દે હક યાને ઈમામો)ની દોરવણી મુજબ ચાલે, અને પોતાની અસલિયાતનો ખ્યાલ ગોતી કાઢે તો જ્યારે તે ઉચી દુનિયામાં પહોંચશે ત્યારે તેણે મેળવેલું એ જ્ઞાન બધી રીતે સત્ય પુરવાર થશે; એવી રીતે કે તેનો નાશ નહિ થાય પણ તેને લાયકનું બધું તેને મળશે. જેમકે ખુદાવન્દતઆલા (કુરઆને શરીફ સુરા ૯ આ. ૧૨૦માં) ફરમાવે છે કે "ખરેખર ખુદા સારા કામ કરનારાઓનો બદલો વ્યર્થ કરશે નહિ."

કોઈ પણ જાતનો વ્હેમ રાખ્યા વગર જેઓ આ બાબત ઉપર મનન કરશે તેમને માટે આટલું બસ છે. એમ છતાં જેઓના વિચારો ખોટી રીતે બંધાઈ ગયા છે અને જેઓ, જે દલીલો અને સાબીતીઓ સાચી છે તેનો કોઈ પણ તરેહ ઈન્કાર કરવાનો ઈરાદો રાખે છે તેમને માટે વધારે બોલવું અથવા ચુપકીદી ધારણ કરવી બન્ને સરખું છે.

## પ્રકરણ ૫ મું

# નાતિક, અસાસ અને ઈમામની જરૂરત વિષે.

કલિમા યાને શબ્દ, અકલ અને નફસને ઓળખવાની જેટલું અગત્ય છે તેટલું જ અગત્ય નાતિકો, અસાસ અને ઈમામને વિવેકપુર્વક (બી-તકલીદ) ઓળખવાની છે; કારણ કે આકાશો અને પૃથ્વીની ઉત્પત્તિમાં અને તેમની વચ્ચે જે કાંઇ છે તેમાં આપણે ડહાપણની નિશાનીયો (હિકમતહા) જોઇએ છીએ, (જેવી કે) આકાશો અને જમીનોનું સપાટપણું અથવા વળાંક, સુર્યનું ભ્રમણ કે જે કોઈ વખત આકાશમાં કોઇ વખત તેની મધ્યમાં કોઈ વખત તેની એક બાજુએ હોય છે, કે જેને લીધે પૃથ્વી ઉપર ગરમી યાને ઉનાળો અને શરદી યાને શિયાળો આવે છે અથવા જાય છે. શિયાળામાં જમીન નિષ્ક્રિય રહે છે અને ઉનાળામાં તે ફળો ઉત્પન્ન કરે છે. આ ઉપરાંત તર્કશાસ્ત્રીય ગોઠવણોની નિશાનીઓ (હિક્કમતહા) અને બીજી ઘણી અસરો દુનિયામાં પડેલી છે કે જે પુરવાર કરે છે કે આ જગત પેદા કર્યા અગાઉ તેનો કોઈ સર્જનહાર હતો કે જે એને હસ્તીમાં લાવેલ છે અને તેણે તેમાં હડાપણભરેલી મુખ્ય વસ્તુઓ (હિકમતહા) ભરેલી છે.

મનુષ્ય પ્રાણી કે જે આ જગત (અંતિમ ધ્યેય)ની આખરી હદ છે તેમાં "નફસ" અને "અકલ"ના કાર્યની સાબિતીયો મળી આવે છે એટલે આપણે અનુમાન બાંધી શકીએ કે આ સૃષ્ટીની રચના, ઉપલા અધિકારવાળી અકલની મદદથી નફસ તરફથી કરવામાં આવે છે.

આ પ્રમાણે જ્યારે સત્યના શાહે (ખુદાવન્દાને હક) અલહી સલામે આપણી પાસે આ (ઈલ્મ) જાહેર કર્યું, એટલે આપણી બુદ્ધિ એ એમજ બરાબર છે એવું જાણી જઈને એ માન્ય રાખ્યું. આનું કારણ એ છે કે આ દુનિયામાં "અકલે કુલ" એ સાચા ઈમામ (ઈમામે હક) છે જ્યારે તેનો થોડો થોડો હિસ્સો (અકલહાઈયે જુઝવી) વ્યક્તિગત રીતે મોમીનો પાસે છે.

આવું વ્યક્તિગત દિલ જ્યારે "અકલે કુલ" તરફથી અસર મેળવે છે ત્યારે તે આ બાબત સમજી શકે છે અને જ્યારે તેને આવી મદદ નથી મળતી ત્યારે તે તેનો સ્વિકાર કરતું નથી અને જે પ્રાપ્ત થયેલ છે તેના વ્યાજબી હિસ્સાનો આખો ભાગ મળેલ ન હોય એવા વિભાગિય (ટુકડા-જુઝવહા) જેવું બની જાય છે.

એટલા માટે ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૪ આ. ૮૨માં) ફરમાવે છે કે, "શું તેઓ કુરાન વિષે વિચાર

કરતા નથી ? અને જો ખુદા સિવાય બીજા તરફથી તે આવ્યું હોત તો ખચ્ચીત, તેમાં તેઓને ઘણો તફાવત માલુમ પડત." આ આયતનો ગુઢાર્થ (તાવીલ) બતાવે છે કે કુરાને શરીફમાં દેખાવે બધી નીતિકથાઓ (અથવા સંકેત, અમસાલ) રહેલી છે, એનો ભાવાર્થ અકલ સમજી શકતી નથી અને જો સાચા ઈમામ (ઈમામે હક) તરફથી તેના ભાવાર્થ સંબંધી ખુલાસાઓ ન મળેલ હોત તો તેને એકબીજાથી ઉલટાપણામાં ગોથા ખાવા પડત.

જગતમાં આવા તાર્કિક સંયોગો (હિકમતહા) ના દાખલાઓ આપણી નજરે પડતાં હોવાથી જ્યાં સુધી આપણને એની ખુલાસાવાર સમજણ કોઈ ન આપે ત્યાં સુધી આપણામાં એની કોઈ શક્તિ નથી કે આપણે તે સમજી શકીએ. એટલા ખાતર ખુદાતઆલાને મનુષ્ય પ્રાણીઓમાંથી કોઇ એક શખ્શ (એક-તન)ને મોકલવાનું યોગ્ય લાગ્યું કે જે લોકોને સૃષ્ટી સર્જનની વાર્તા ખુલાસાવાર સમજાવે અને સત્ય રસ્તે ચાલવા લોકોને સાદ કરે.

આ દુનિયામાં આવો શખ્સ, જેવો અકલનો દરજ્જો ઊંચ જગતમાં (આલમે અલવીમાં) છે તેવા દરજજાવાળો હોવો જોઈએ, અને તે નાતિક અલહીસલામ છે. તેનામાં પોતાના ઈલ્મનાં બળ વડે નફસે કુલની બધી શક્તિઓનો

સમાવેશ થયેલો હોવાથી એ બેઉ આલમો વચ્ચે મધ્યસ્થ તરીકે બનીને, પોતાના દિલની સફાઈથી આત્મિક જગત (આલમે લતીફ)માંથી જ્ઞાન મેળવીને, ભૌતિક જગત (આલમે કસીફ) ને છટાદાર ભાષામાં તે જ્ઞાન પહોંચાડે છે; જેમકે ખુદાવંદતઆલા (કુરાને શરીફ) સુરા ૨૬ આયાત ૧૯૩થી ૧૯૫માં ફરમાવે છે કે, "તે કુરાન સહિત રૂહોલ-અમીન (જેબરાઈલ) નીચે ઉતર્યો છે. (૧૯૩) તારા અંતઃકરણ ઉપર (ઉતાર્યું છે.) એટલા માટે કે તું ચેતવણી આપનારાઓમાંનો થાય. (૧૯૪) સ્પષ્ટ અરબ્બી ઝબાનમાં (૧૯૫)."

એટલા માટે નાતિક આ ભૌતિક જગત (આલમે જીસ્માની)માં ઈલ્મમાં છેવટની હદ તરીકે છે અને કોઈ પણ જીસ્માની હસ્તી (હદ્દે જીસ્માની) તેના કરતાં ચઢીયાતી થઈ શકતી નથી. તેને આલમે અલવી યાને ઉચ્ચ જગતમાંના જ્ઞાનનું શિક્ષણ તેના આત્માની રોશનાઈ દ્વારા મળેલ છે, નહિ કે જેમ આપણે કાન વડે સાંભળીને મેળવીએ છીએ એવી રીતે જીસ્માની કાન દ્વારા, (નફસે કુલ કે જે કાળની પેલે પાર છે તેને વાસ્તે આજ હસ્તીની શરૂઆતના વખત જેવી છે કે જેથી તે જે શક્તિઓ "અકલે કુલ" તરફથી તેને મળેલ છે તે આસ્તે આસ્તે વખત અનુસાર ખુલ્લી કરે છે.)

M/s. A HIRANI AND CO.

જીસ્માની દુનિયા (ભૌતિક જગત)માં રસુલે ખુદાએ એ શક્તિઓ કે જે તેણે આલમે અલવી યાને ઉચ્ચ જગતમાંથી પોતાના નુરાની આત્મા વડે મેળવેલ હતી તે બધી ઈલાહી નિશાનીયો અને છુપા ભેદોના ખુલાસા કે જે ક્રમવાર ગોઠવ્યા વગર અખંડિત રૂપમાં, એ થાપણ મુકવાને લાયક એવા એક શખ્સને સોંપી દીધાં.

તે એક શખ્સ તેના અસાસ હતા કે જેમને સમય અનુસાર આજ ફરી ખુલાસાઓ સાથે મનુષ્ય જાતને આપવાના હોય છે; જેમકે ખુદાવન્દતઆલા (કુરઆને શરીફ સુરા ૧૭ આયાત ૧૬માં) ફરમાવે છે કે : "અને કુરાનને અમે પૃથક પૃથક નીચે મોકલ્યું છે એટલા માટે કે તું માણસો પાસે ધીમેથી વાંચે અને અમે તેને (ખરેખર) નીચે મોકલ્યું છે." એટલે કે એવા રૂપમાં કે તારા ગાદીનશીનો, ઈમામો પોતાના ઝમાનામાં ખુદાવન્દતઆલા ના ફરમાનથી તારી કિતાબ ઈલાહી સ્પષ્ટીકરણ યાને તન્ઝીલના રૂપને તેના અંદરના અર્થ યાને તાવિલને સ્પષ્ટીકરણના અર્થમાં લાવીને લોકોને સમજાવે અને તેના ઝમાનાની મનુષ્ય જાતમાં તેનો ફેલાવો કરે.

પયગમ્બર પોતાના જીવનમાં અંત સમયે, પોતાના ગાદીવારસો, કે જે ખરા ઈમામો છે તેમને તેના ખુલાસાઓ

પહોંચાડવાનું કાર્ય સોંપી ગયા છે. જેમકે ખુદાવન્દતઆલા (કુરાઆને શરીફ સુરા ૧૩ આ ૭માં) ફરમાવે છે કે "તું માત્ર ચેતવણી આપનાર છે અને દરેક કોમ માટે એક રસ્તો બતાવનાર છે."

આ જગત અકલે કુલ પાસેથી મેળવેલી ચઢિયાતા દરજ્જાની મદદ વડે, પેદા કરેલી નફસે કુલ તરફની ઉત્પત્તિ છે તે જ મુજબ, આલમે દીન યાને મજહબી દુનિયા નાતિક અલહી સલામના કુવ્વતમાંથી પેદા થયેલી અસાસની ઉત્પત્તિ છે.

આત્મિક જગતની બધી મુખ્ય વિભુતિઓ (હુદુદે આલમે લતીફ)માં પહેલાં "અકલ" છે કે જે ઉચ જગત (આલમે અલવી)માં દરેક ચીજથી ઉચ કક્ષાનાં છે. તેનાથી નીચે "જીફ" "ફસ" અને "ખ્યાલ" એમ અનુક્રમે છે. આ આલમે અલવી યાને ઉચ જગતની મુખ્ય વિભુતિઓ છે અને એ ઉચ્ચ જગતમાંથી નીચેનાં જગતમાં પોતાની ઝહુરાત ફરમાવે છે.

"નાતિક" કે જે મનુષ્ય જાતમાં ઉચામાં ઉચી અને ઉત્તમમાં ઉત્તમ કક્ષાએ છે તે "અકલ"ની બરાબર છે, તે બીજા મનુષ્યોની સરખામણીમાં આકાશ છે કે જ્યાં જમીનમાંથી કોઈ પણ ચીજ કદિ પહોંચી શકતી નથી.

તેના પછીનો દરજ્જો અસાસનો છે કે જે "નફસે કુલ"ની બરાબર છે કે તાવિલ (ગુઢાર્થ)નો ધણી અને જેવી રીતે "નફસે કુલ" નીચેની દુનિયાનો રચનાર છે તેવી રીતે, શરીયતના ખુલાસાઓનો સરજનહાર છે.

તેનાથી નીચે "જીદ્દ"ને મળતો દરજ્જો ઈમામનો છે અને "ફ્સ"ને મળતો દરજ્જો ઈમામના બાબનો છે. ખ્યાલની બરાબરનો દરજ્જો હુજજતનો છે. નીચેની દુનિયાના આ પાંચ દરજ્જાઓ ઉપરની દુનિયાનાં પાંચ દરજ્જાઓની માફક છે. જેમકે રસુલે ખુદા ફરમાવે છે કે: "મેં તે પાંચમાંથી લઈને પાછું પાંચને સોંપ્યું."

આજ કારણને લીધે કહેવાય છે કે તાય્યીદ યાને ઈલાહી મદદ હુજજત પછીના દરજ્જાવાળાઓ ઉપર નથી ઉતરતી. આ પાંચ દરજ્જાવાળાઓ ઈલાહી મદદ ધરાવનાર છે કે જેની મદદથી તેઓ સત્યજ્ઞાન યાને ઈલ્મે હકીકી તેમના ખુદાવન્દાને દૌરે ખીશ યાને ઝમાનાના શાહ અને તેમના વખતના નાતિક યાને પીરના ફરમાનથી લોકોને આપે છે કે જેથી મજહબી દુનિયા મજબુત બને.

બરાબર એજ પ્રમાણે ઉપલા જગતનાં પાંચ મુખ્ય દરજ્જાવાળાઓ ખુદાઈ કલ્મા (સતશબ્દ) તરફની ઈલાહી

મદદ નીચલી દુનિયાને પહોંચાડે છે કે જેથી એ મજબુત બને.

એટલા માટે અમે કહીએ છીએ કે શરીર સાથે જોડાયેલો મનુષ્યનો જીવાત્મા જમીન કે જે શરીરોનું બેસવા ઉઠવાનું છેવટનું આશ્રય સ્થાન છે, તેનાથી અળગો થઇ શકતો નથી. એજ પ્રમાણે જમીન પાણીથી કે જે તેનું છેવટનું આશ્રય સ્થાન છે, તેનાથી અને તેના ભેજ કે જેમાંથી તેને ઉત્પન્ન કરવામાં આવેલ છે તેનાથી અળગી થઇ શકતી નથી. પાણી એ વાયુનું આખરી આશ્રય સ્થાન છે અને વાયુ એ અગ્નિનું કે જેમાંથી તે પેદા થયેલ છે તેનું આશ્રય સ્થાન છે, તેનાં સંબંધમાં પણ એજ પ્રમાણે છે.

આ બધાંનાં સમુદાયની નીચલી દુનિયા બનેલી છે, કે જેમાં આ બધી વસ્તુઓ એકબીજાથી જુદી ન પડે એવી રીતે, અવિભાજ્ય રહેલી છે અને મહાનમાં મહાન આકાશમાનું પેલું સર્વથી મોટું વર્તુળ ન્હાનામાં ન્હાના બિન્દુઓથી જમીનનાં મધ્યબિન્દુ યાને કેન્દ્ર સાથે જોડાયેલ છે. નફસે કુલ, અકલ તરફથી મળેલી ઉચ કક્ષાની મદદથી તેઓના વાલી અને માર્ગદર્શક છે.

એજ પ્રમાણે ભૌતિક જગતમાં જે સ્થાન મનુષ્ય

વાયુ = હુજ્જત

નભોમંડળ = ઈમામ

જાતિનું છે તેવું સ્થાન "મુસ્તજીબ"નું મજહબી દુનિયામાં છે અને જેવી રીતે મનુષ્ય શરીરની ઉચામાં ઉચી હદ જમીન છે તેવી રીતે તેની ઉચામાં ઉચી હદ માઝુનનો દરજ્જો છે. માઝુનની ઉચામાં ઉચી હદ દાઈના દરજ્જાની અને દાઈની હદ ઉચામાં ઉચી હદ જેમ પાણીની ઉચામાં ઉચી હદ વાયુ છે તેમ હુજ્જતનો દરજ્જો છે. જેમ હવાની ઉચામાં ઉચી હદ અગ્નિ છે તેમ હુજ્જતની ઉચામાં ઉચી હદ બાબનો દરજ્જો છે. અને અગ્નિની ઉચામાં ઉચી હદ નભોમંડળ છે તેમ બાબની તેવી હદ ઈમામ છે. આ બધાં સર્વાંશપણામાં એકબીજાથી સકળાયેલા છે.

એજ મુજબ હકીકતી દુનિયા ઈમામે હકથી પેલા નબળા મુસ્તજીબ કે જે જમીનનાં નાનામાં નાના બિન્દુઓની મિસાલ છે તેની સાથે એવી રીતે સંકળાયેલ છે કે કોઈ વસ્તુ તેના વગરની રહેલ નથી. અસાસ ઈલાહી મદદનાં બળ વડે, કોઈની પણ દરમ્યાનગીરી વગર, જે પ્રમાણે અકલની મદદ વડે નફસે કુલ નીચલી દુનિયાનું વાલીપણું ધરાવે છે, તે પ્રમાણે, આ બધાં દરજ્જાવાળાઓના વાલી અને માર્ગદર્શક છે.

ઉપર દર્શાવેલ દરેક દરજ્જો જે પ્રમાણે બતાવ્યો તે પ્રમાણે ઈમામ અને તેની નીચેના સુધી અનુક્રમે છે અને ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૧૭ આ. ૭૧માં)

ફરમાવે છે કે, "તે દિવસ કે જે દિવસે અમે દરેક પ્રજાને તેના ઇમામના નામથી બોલાવીએ છીએ." એટલે કે મુસ્તજીબને માઝુન દ્વારા અને માઝુનને દાઇ દ્વારા અને અસાસને નાતિક દ્વારા બોલાવવામાં આવશે. એ મુજબ હ. રસુલિલ્લાહ ફરમાવે છે કે,"અમે ખુદાતઆલાનું નુર છીએ, અને અમારા શીયાઓ એક મુબારક ઝાડ મિસાલ છે કે જેને, દરેક ઝાડને હોય છે તેમ, મુળ, ફળ અને પાંદડાંઓ છે."

એટલા માટે આ હદીસમાંનાં ભાવાર્થ મુજબ દરેક મોમીન કે જે ઝમાનાના ઇમામની બૈયત કરે છે તે, નુરે ઇલાહીનો થઇને મુસ્તફાની એક ઓલાદ બની જાય છે. તેની પાછાં ફરવાની જગ્યા એ બનશે કે જ્યાં આખું ઝાડ-વૃક્ષ પાછું જઇ મળશે, કારણ કે તે ઝાડનાં પાંદડામાંનું એક પાંદડું બની ગયેલ હોય છે. જ્યારે એક મોમીન સત્ય પાક કુટુંબ (ખાનદાને હક)માંનો એક બની જાય છે અને સત્ય યાને હક શિક્ષણનો સ્વિકાર કરી તેને જાહેર અને બાતિન બેઉ રીતે તાબે થાય છે ત્યારે તે દુનિયામાં ગરીબ અને નિર્બળ હોય છતાં તેના ઝમાનાના ઇમામના દાયરામાં આવી જાય છે અને પોતાની યોગ્યતા મુજબ એક મ્હાન મર્તબો મેળવે છે; જેમકે ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૨ આયાત ૨૬માં) ફરમાવે છે કે,

"ખરેખર ખુદા એક મચ્છર કે તે કરતાં કોઇ જરા મ્હોટાનો દાખલો આપવામાં શરમાતો નથી." આની તાવીલ-ગુઢાર્થ એમ છે કે જો કે એક મચ્છર નાનો છે પણ તે એક હાથી કે જે એક મોટામાં મોટું પ્રાણી છે તેની બરાબરનો છે અને તેની બરાબરીમાં તેનો ન્હાનો દેખાવ છે, છતાં તે પ્રમાણમાં કુવ્વતમાં નિર્બળ નથી. આ ગરીબ (નિર્બળ) મુસ્તજીબનું રૂપક છે કે જે એક રૂહાની તરીકે એક મચ્છરની માફક છે. તે જ્યારે ઝમાનાના ઈમામની બૈયત કરે છે અને પોતાથી બની શકે એટલી તેઓશ્રીની તાબેદારી કરે છે ત્યારે તેની ગમે તેવી ગરીબાઇ હોય તો પણ તે પોતાના મૌલાના મર્તબામાં હિસ્સો મેળવે છે કે જેમ એક મચ્છર કદમાં ન્હાનકડો હોવા છતાં મખ્લુકાત તરીકે એક હાથીના જેવો છે.

એ મુજબ જ્યારે એક મનુષ્ય કે જે, મખલુકાતના આશરી (આશ્રય) સ્થાને છે તે આ નીચલી દુનિયાના દરજ્જાઓની ફરમાનબરદારી, અમે ઉપર જણાવી ગયા તે મુજબ કરે છે, અને ઉપલી દુનિયાનાં દરજ્જાઓને પિછાણે છે, ત્યારે તે અકલ કે જે સરજનહાર છે તેમાં પાછું ફરશે યાને તેમાં મળી જશે અને તેની માફક તે ઉપલી દુનિયામાં પહોંચી જશે. તે અકલે કુલની માફક ખુદાવન્દતઆલાની આભારદર્શક રૂપે બંદગી ગુજારસે

કે જે સિવાય બંદગી ગુજારવા માટેનું બીજું કોઇ સ્વરૂપ હોતું નથી.

જ્યારે ખુદાતઆલાના તાબેદાર બંદાઓના આત્માઅ ઉપલી દુનિયામાં પહોંચે છે ત્યારે સરજનહારનો આભાર પ્રદર્શિત કરવા સિવાયનું બીજું કોઇ બંદગીનું સ્વરૂપ તેમની પાસે નથી હોતું. જેમકે ખુદાવંદતઆલા, બહેશ્તમ આનદ માણનારાઓની વાતમાં (કુરાને શરીફ સુરા ૧૦ આ. ૧૦માં) ફરમાવે છે કે, "અને તેઓનો મુલાકાતમાં માન આપવાનો શબ્દ "સલામ" શાંતિ છે, અને તેઓની છેલ્લી દોઆ એજ છે કે વખાણ ખાસ ખુદાનાજ છે કે જે સર્વ આલમનો પાલક છે." (અલ હમદોલિલ્લાહી રબ્બિલ આલમીન.)

એ પ્રમાણે દરેક મોમીનને જરૂરનું છે કે તેઓ નીચલા અને ઉપલા એ બધાં દીની મહાન મર્તબાઓ અમે જે વર્ણન આપ્યું છે, તે મુજબ સમજે.

સાત ઉચા મર્તબાઓ કે જે મહાન અક્ષરો છે અને જે નિર્માણવાદ એટલે કે નિરંતરતામાંથી બનનારા બનાવ સંબંધીનો ખુદાવંદતઆલાનો ઇરાદો સાબીત કરનારી સંજ્ઞાઓ છે, તેમને નીચે જણાવ્યા મુજબની રીતે ઓળખવા જોઇએ. ટુંકમાં તે બાબત નીચે પ્રમાણે છે.

દરેકે એ જાણવું જોઇએ કે અક્ષર એ વસ્તુઓનું એક

ચિન્હ છે, અને પયગમ્બરો પેલી રૂહાની જગતની "ધારો" (કિનારાઓ) તરીકે પોતાના જીવાત્માથી અને આ ભૌતિક જગતની ધારે પોતાના શરીરોથી, એ બેઉ દુનિયામાં રહેલાં હતા. એ પયગમ્બરોમાંથી આવેલ દરેક પયગમ્બર પાસે પેલી દુનિયાને છેડે એવો દરજ્જો અને સત્તા રહેલી હતી કે જે થકી તે, પેલી દુનિયામાંથી (જ્ઞાનનો) ફાયદો હાંસલ કરીને તે (ફાયદો) આ દુનિયાને પહોંચાડતા.

"કાયમ" કે જેમના આશીર્વાદ આપણા ઉપર હોજો, મખ્લુકાતની છેવટની ઊંચામાં ઉચી કક્ષાએ હોવાથી અને જેના ખાતર નફસે કુલે આ જગત પેદા કરેલ છે, તેઓશ્રીનો પેલી ઉપલી દુનિયામાં કુલ સંપુર્ણ હિસ્સો છે, બલ્કે એમ કહી શકાય કે તમામ "નફસે કુલ"ના માલીક તેઓશ્રી છે.

એટલા માટે દરેકે એ સમજી જવું જોઈએ કે હ. આદમ (અ.)નો પેલી દુનિયાને લાગેલો છેડો (કિનારા) હતો કે જેની સંજ્ઞા "ન" (નુન) છે. હ. મુસાના આ પ્રકારના છેડાની સંજ્ઞા "ય" (યે) છે. હ. કાયમના એ પ્રકારના છેડાની સંજ્ઞા "ર" (રે)ની હશે. આ પ્રમાણે પ્હેલું તે છેલ્લું બની ગયું છે. પહેલાં લોકો હ. મહમદ પાસે અરજ ગુજારે છે અને તે બાદ હ. કાયમ (અ.) પાસે. હ. મહમદ (ના છેડાની) સંજ્ઞા "દ" (દાલ) છે; આ અક્ષરોમાં દરેક

માટે ખુલાસાઓ છે પણ અમે શરૂઆતમાં જણાવી ગયા છીએ તેમ આ કૃતિમાં મુખ્ય મુદ્દાઓને ટુંકમાં સમજાવવામાં આવશે એવી કબુલાત આપેલી છે એટલે અહીં આપેલા નથી.

એ મુજબ જ્યારે મોમન આ અક્ષરોમાનાં દરેકને ઓળખશે અને તેણે તેના સંજ્ઞાધારી ખુદાઇ પયગમ્બરોના દરજ્જા મુજબની તેમની મહત્તામાં સંપુર્ણ ઇમાન આણેલું હશે ત્યારે તે આ મુદ્દાઓ સાથે સમંત થશે. આનું કારણ એ છે કે અમે ગમે તેટલું ખુલાસાવાર સમજાવીએ તો પણ રૂહાની દરજ્જાધારીયોની સિફાતોનો સંપુર્ણ ખ્યાલ આપવાને અમે કદિ પણ શક્તિવાન થવાના નથી. વાચા એ ભૌતિક છે કે જે અક્ષરો અને તાળવું અથવા જીભ અને હવાથી ઉત્પન્ન થયેલ અવાજમાંથી બનેલ છે અને જીસ્માની વસ્તુઓથી આ ભૌતિક સિવાય બીજી બાબત કોઇ પણ સમજાવી શકે નહિ.

બુદ્ધિવાન અભ્યાસી કે જે આ પ્રકરણ વાંચશે તે સમજી જશે કે અમે જે કાંઇ અહિં કહ્યું છે તે ખરું છે, અને (મહાન) સત્ય બીના એ છે કે અમે અદના ગુલામો તરીકે ઇમામે ઝમાન-કે જેના બંદાઓ, મોમીનો ઉપર ખુદાવંદતઆલાના આશિર્વાદ ઉતરો-ના ફરમાન મુજબ વર્તવાને બંધાયેલા છીએ. ખુદાતઆલા અમને મદદ કરે અને એ અમારો મદદગાર થાય એવી દુઆ માંગુ છું.

પ્રકરણ ૬ઠું

# મરણ બાદ મળનાર બદલો અને શિક્ષા વિષે.

દરેકે એ જાણવું જોઈએ કે "નફસે કુલ"માં જે કાંઈ ખામી ઉતરી આવેલી છે તેમાં સંપુર્ણ સુધારો, કયામતના દિવસે સ્વારી કરી ઝહુર ફરમાવનાર નર-કાયમે-કિયામત અલા ઝિક્રુયા સલામ કે જેનું આગમન આ દુનિયાની ઉત્પત્તિનું ધ્યે છે, તેમની ઝહુરાતથી થશે, તેમના થકી જ એ ખામી સુધરશે અને તેનાથી આ દુનિયાનો હેતુ સિદ્ધ થશે.

જે કાંઈ સર્વ સદાકાળથી અનંતમાંથી ઉઠતા શબ્દ અથવા તેના અવાજની મિસાલ અસ્તિત્વમાં છે તે બધાના એ મગજરૂપ છે અને જે કાંઈ અસ્તિત્વમાં છે તે બધું ઘાસ અને ઝાડની છાલ છે.

બધા ગત મહાન પયગમ્બરો આ દુનિયામાં તેના થનારાં આગમન વિષે મનુષ્ય જાતને ચેતવણી આપવા આવ્યા હતા અને તેમણે પોતા તરફથી એ ચેતવણી આપી દીધી છે, અને તેની સત્તા અને શક્તિનો ડર લોકોને બતાવેલ છે. જેમકે ખુદાવંદતઆલા (કુરાને શરીફે

સુરા ૭૮ આ. ૧-૩માં) ફરમાવે છે કે. "તેઓ શા વિષે પુછે છે ? (૧) મોટા સમાચાર વિષે ? (૨) કે જે માટે તેઓમાં મતભેદ થાય છે. (૩)"

જ્યારે તે બહાર પડશે યાને સ્વારી કરી પ્રગટ થશે ત્યારે બધાં માંગળિક તારાગણ તેના અંકુશ નીચે ચમકવા લાગશે અને આકાશો અને તેમાં રહેલ સઘળી વસ્તુઓ મજબુર બનીને તેના અદના ગુલામો તરીકે તેનો હુકમ ઉઠાવશે. તે દુનિયા ઉપરથી જુલ્મ, જુઠાણું, નિરીશ્વરવાદ અને છળકપટને ખુદા તરફથી પોતાને મળેલ સત્તાની રૂએ જડમૂળથી ઉખેડી નાખશે. જેમકે હ. મુસ્તફા અલહી સલામે ફરમાવ્યું છે કે, "જમાનો પુરો થવાની નક્કી કરેલી મુદતમાં ભલે એક દિવસ જ બાકી હશે તો પણ ખુદાવંદતઆલા એને, મારી આલમાંથી મારા એક જાનશીન, સ્વારી કરી પ્રગટ થઇ પૃથ્વીને, ગમે તેટલો જુલ્માટ અને અન્યાયથી તે ભરાયેલ હશે છતાં, સમદ્રષ્ટિએ અને ઇન્સાફથી ભરી દે ત્યાં સુધી લંબાવશે."

જ્યારે એ જીસ્માની દુનિયાના કારોબારને બરાબર હાલતમાં લાવી મુકશે અને તેના કુવ્વતથી મઝહબ પાક અને સાફ બની જશે ત્યારે નિરીશ્વરવાદ અને ખુદાતઆલાની બેફરમાની આ દુનિયામાંથી નાબુદ થઇ

જશે. જેમકે ખુદાવન્દતઆલા (કુરઆને શરીફ સુરા ૮૨ આ. ૧૯માં) ફરમાવે છે કે "તે એવો દિવસ છે કે કોઈ જીવ બીજા જીવ માટે કંઈ ચીજ ઉપર સત્તા ધરાવતો નથી અને હોકેમ તે દિવસે ખાસ ખુદાનો જ છે."

એટલે કે હ. કાયમ-તેમના ઉપર મહાનમાં મહાન સલામ હોજો-તરફનાં ફરમાનો મળ્યા સિવાય એ વખતે કાંઈપણ કરી શકશે નહિ. જેવી રીતે કે આજે મઝહબના દુશ્મનોમાંથી દરેક જણ એક ખોટા દાવેદારને પયગમ્બર તરીકે ચુંટી કાઢે છે અને તે પોતાની અનુયાયી કોમમાંથી એકાદ ટોળું ભેગું કરે છે. અને તેમને માટે હલાલ હરામનાં ફરમાનો બહાર પાડે છે અને પેલાઓ તેની સત્તાનો સ્વીકાર કરે છે જેમકે ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૯ આ. ૩૧માં) ફરમાવે છે કે, "તેઓ (યહુદીઓ અને ખ્રિસ્તીઓ) એ પોતાના આલેમો અને જાહેદોને અલ્લાહ સિવાય ખુદાતઆલા તરીકે લીધા છે."

આની મતલબ એ છે કે ખ્રિસ્તીઓ અને મઠવાસીઓ તેમના પાદરીઓ અને સંતોને પોતાના ખુદા તરીકે ગણે છે એટલે કે તેઓ ખુદાતઆલાએ જેમના માટે હુકમ ફરમાવેલ છે તેવા અસાસની બાબતમાં પયગમ્બરના ફરમાનોના પાલનથી પોતાના મોઢાં ફેરવી લે છે. તેઓ

પોતાના મનસ્વીપણે દીનના દુશ્મનોની તાબેદારી કરે છે.

ત્યારબાદ કાયમ અલહીસલામ આ દુનિયામાંથી, આલમે અલવી યાને ઉપલી દુનિયામાં સિધાવશે, જ્યાં "નફસે કુલ" તેમના મારફત "અકલે કુલ"નો દરજ્જો પ્રાપ્ત કરશે, જ્યારે મોમીનો અને ગુન્હેગારોના દરેક આત્મા તેમને લાયક બદલો હ. કાયમ પાસેથી મેળવશે. જેઓએ ઝમાનાના ઈમામની તાબેદારી અને ફરમાન બરદારી કરી હશે અને જેમણે નક્કી કરેલા દિવસે સ્વારી કરી પ્રગટ થનાર કાયમની પિછાણ મેળવી હશે અને તેના આગમનની સચ્ચાઈનો ખુલ્લી રીતે સ્વિકાર કર્યો હશે, એ બધાં "નફસે કુલ" સાથે મળી જઈને તેની સાથે ખુદાઈ કલમા યાને સત શબ્દમાં ભળી જશે. કાયમી કુવ્વત, આશિર્વાદો અને નિરંતર ટકી રહેનાર સુખ તેમના તરફથી દોડતા આવશે, કારણ કે સુખ શાંતિ અને શક્તિનો તે માલિક છે. જ્યારે ઈલ્મ અને રહેમત તેના દ્રવ્યમાં (જાતમાં) એવી રીતે હશે કે તે કદિ પણ તેનાથી અલગ થાય નહિ જે મોમીનો કલમા (સતશબ્દ), ઈલાહી શબ્દ તરફ પાછા ફરશે યાને તેમાં ભળી જશે. તેમને અવર્ણનિય અને બેશુમાર ભલાઈ, શાંતિ નવાજેશ અને આરામ મળશે. તેઓ જે કાંઈ ચીજની ઈચ્છા કરશે તે

તુરતજ તેને કોઈને પણ મધ્યસ્થ તરીકે રાખવાની જરૂર વગર મળી જશે. જેમકે ખુદાવન્દતઆલા (કુરાને શરીફ સુરા ૪૩ આ. ૭૧માં) ફરમાવે છે કેઃ "અને તેમાં જે મન ઇચ્છે અને જે આંખોને આનંદ પમાડે તે તૈયાર છે; અને તમે તેમાં નિરંતર રહેનાર છો."

એમ કહી શકાય કે ભાગ્યશાળી જીવોને ત્યાં શું શું મળશે તેની કલ્પના પણ થઇ શકે તેમ નથી. જેમકે ખુદાવંદતઆલા (કુરાને શરીફ સુરા ૩૨ આ. ૧૭માં) ફરમાવે છે કે; "માટે આંખને, રોશની આપનાર ચીજ જે તેઓને માટે છુપી રાખવામાં આવી છે તે કોઈ માણસ જાણતું નથી. જે તેઓ કરતા હતા તેને માટે આ બદલો છે." વળી હ. મુસ્તફા અલહીસલામ જન્નતનું વર્ણન કરતાં ફરમાવે છે કે, "ત્યાં એવું એવું છે કે જે આંખે ભાગ્યેજ દીઠેલ હોય અથવા કાને સાંભળેલ હોય અથવા માણસના મનમાં એનો ખ્યાલ કવચિતજ આવેલ હોય."

પણ જે જીવાત્માઓએ, નાફરમાની કરી હતી, આ દુનિયાની ઉત્પત્તિનું કારણ સમજ્યા નહોતા, કાયમ અલહીસલામને પિછાણ્યા ન્હોતા અને ખુદાતાલાના હુદુદને ઓળખ્યા વગર ખુદાતઆલા પાસે જવાની ઉમેદ રાખનારા ટોળામાંના હતા તેઓ નાશ પામશે. જેમકે ખુદાતઆલા (કુરાને શરીફ સુરા ૪ આ. ૧૩માં) ફરમાવે

છે કે:

"જે ખુદાને અને તેના ફિરશ્તાઓને અને તેની કિતાબોને અને તેના પયગમ્બરોને અને છેલ્લા દિવસને માનતો નથી, તે ખરેખર આડે માર્ગે જઇ લાંબી (મોટી) ભૂલમાં પડયો છે."

પણ જે કોઇ શખ્સ ખુદાતઆલામાં ઇમાન નથી લાવતો એવો શખ્સ એ ગણાય છે કે જે રસુલે ખુદાના દરજ્જાને સાચા તરીકે નથી માનતો; જે કોઇ ફિરસ્તાઓનાં અસ્તિત્વનો ઇન્કાર કરે છે તે એવો શખ્સ ગણાય છે કે જે અસાસને નથી ઓળખતો અને તેનામાં ઇમાન લાવતો નથી, ખુદાઇ કિતાબમાં ઇમાન નહિ લાવનાર કાફિર એવા શખ્સો ગણાય કે જે તાવિલના ધણીઓ-ઇમામોનો અસ્વીકાર કરે છે. ખુદાવન્દતઆલાના પયગમ્બરોમાં ઇમાન નહિ લાવનાર એઓ ગણાય કે જેઓ હુજ્જતો અને દાઇઓ, જેઓ રસુલો-પયગમ્બરો છે, તેમની શનાખત નથી મેળવતા અને આખરતના દિવસમાં ઇમાન નહિ લાવનાર બેઇમાન એને ગણવો જોઇએ કે જે હઝરત કાયમ અલહૌસલામનાં આગમનનો અસ્વીકાર કરતો હોય છે. તેઓ એટલાં ખાતર સજા ભોગવશે અને તે સજા એવા પ્રકારની હશે કે આખી દુનિયાનાં બધાં દુ:ખો, રીબામણીઓ અને સંકટોને ભેગાં કરીએ ત્યારે

તે ફક્ત તેને ભોગવવાની સજાનો એક રાઈથી પણ ન્હાનકડો વિભાગ બને.

આ સજા જીવાત્માની અંદર આવશે કે જેને અટકાવનાર કોઈ ખાસ દરમ્યાનગીરીવાળા ઈલાજો કે રસ્તાઓ નહિ હોય. જ્યારે જ્યારે નાફરમાની કરનારા જીવાત્માઓ એ રીબામણી સહન કરવાને ટેવાઈ જઈને તે સહેલાઈથી સહન કરવાનો ખ્યાલ કરશે ત્યારે ત્યારે તેમની રીબામણી તાજી બની જશે. જેમકે ખુદાતઆલા (કુરાને શરીફ સુરા ૪ આ. ૫૬માં) ફરમાવે છે કે:

"ખરેખર જેઓએ અમારી નિશાનીઓને માની નથી, તેઓને અમે જલ્દીથી આગમાં નાખશું. જ્યારે તેઓની ચામડી બળી જશે ત્યારે તેઓને અમે બીજી નવી ચામડી તેને બદલે આપશું, એટલા માટે કે તેઓ શિક્ષાનો સ્વાદ ચાખે."

"ખુદાની નિશાનીઓ" એ સાચા ઈમામો છે. (ઈમામાને હક) છે. મોમીનોના આત્માઓ પાપીઓના જીવાત્માઓને જોશે આથી તેમની પીડા વધારે સખ્ત બની જશે.

પાપીઓ હ. કાયમ અલહીસલામના દિદાર કરી શકશે નહિ, અને હ. કાયમ (અ.) પાપીઓમાંથી શાંતિ ઉઠાવી લઈને મોમીનોને મળેલ હિસ્સામાં ઉમેરી દેશે. જેવી રીતે

કે ખુદાવંદતઆલા (કુરાને શરીફ સુરા ૮૩ આ. ૧૫-૧૭માં) ફરમાવે છે કે; "નહિ, તેઓ કહે છે તેમ નથી. બેશક તેઓને પોતાના પરવરદિગાર પાસેથી તે દિવસે પડદાથી ઢાંકી રોકી રાખવામાં આવશે (૧૫) પછી બેશક તેઓ દોઝખમાં દાખલ થનારાઓ છે (૧૬) પછી તેઓને કહેવામાં આવશે કે આ તે જ છે કે જે તમે જુઠું માનતા હતા. (૧૭)"

આની મતલબ એ છે કે ખુદાવંદતઆલા એ લોકો માટે સોગંદ ખાઈ ફરમાવે છે કે જેઓએ ખરા ઈમામોથી પોતાનાં મોઢાં ફેરવી લીધાં છે અને કાયમુલ કિયામતમાં ખાત્રીપુર્વક ઈમાન લાવેલ નથી, તે દિવસે તેઓને તેમના સરજનહાર યાને કાયમ અલહીસલામનાં દિદાર કરવા દેવામાં આવશે નહિ, તે વખતે તેમનાં જુઠાણા સાબિત થશે.

એટલા માટે દરેક જણે એ સમજી લેવું જોઈએ કે બક્ષીસ અને સજા બેઉની વહેંચણી કરનાર હ. કાયમ અલહીસલામ છે; જે કોઈએ આ દુનિયામાં તેને ઓળખેલ હશે, તેના ધર્મપ્રચારના કાર્યને જાણતા હશે અને તેમનામ ઈમાન લાવેલ હશે તે, તે દિવસે હ. કાયમ તરફથી તેના જ્ઞાન યાને મારિફતના પ્રમાણમાં બદલો મેળવશે; પણ જેઓએ તેમને-તેમના ઉપર ઉત્તમમાં ઉત્તમ સલામ હોજો-

ઓળખેલ નહિ હશે તેઓ સદાની સજાના ભોકતા બનશે.

આ પ્રમાણે તેણે નક્કી કરેલ બદલો અથવા શિક્ષા લોકોને મળશે; કારણ કે અગ્નિમાંથી પ્રકાશ અને ધુમાડો બેઉ ઉત્પન્ન થાય છે, જે જરૂરી ગરમી આપવા અને બાળવાનું કાર્ય કરે છે. ગરમી અને પ્રકાશ એ મોમીનોના ભાગમાં અને બાળવાનું કાર્ય અને ધુમાડો પાપીઓનાં ભાગે જશે.

## જીવંત અને મરેલ ઝાડ.

હ. કાયમ અલહીસલામના આગમન અગાઉ મોમીન અને મુશરિક આત્માઓનાં જ્ઞાન સંબંધી કેવી હાલત હશે એની સરખામણી શિયાળા યાને પાનખર ૠતુમાં ઝાડની થતી હાલત સાથે કરી શકાય. શિયાળા દરમ્યાન એક ઝાડ તાજું અને રસથી ભરેલું રહે છે, જ્યારે બીજું તેનાં મુળિયાથી છુટું પડી સુકાઇ જાય છે. શિયાળામાં બેઉ એક સરખાં દેખાય છે પણ પેલાં સજીવ ઝાડને એવી આંખ હોય છે કે તે વસંતનાં આગમનની રાહ જુએ છે. જ્યારે વસંત આવે છે ત્યારે તેમાંથી લીલાં પાંદડાંઓ ફૂટે છે અને સુવાસિત અને રંગીન ફૂલ આવે છે; સ્વાદિષ્ટ સુંદર ઘાટવાળાં મઘમઘતાં ફળો એવા ઝાડોમાં ઉત્પન્ન થાય છે.

જો એક મનુષ્યને એ ઝાડ તરીકે કલ્પીએ તો તે

ઘણો સુખી હોય છે. પણ એ ઝાડ ક જેના મુળિયાં કપાઇ ગયા છે અને જે સુકાઇ યાને મરી ગયેલ છે, તે વસંતનાં આગમન પ્રસંગે દરરોજ વધારે ને વધારે કાળું પડતું જશે અને સુકાતું જશે અને તેની ડાળીઓ નીચે તુટી પડશે અને જ્યારે તેમાં સડો પેસશે એટલે તે બળી જશે. જો આ ઝાડનાં જેવા એકાદ માણસને કલ્પીએ તો તે ઘણો દુ:ખી હશે.

પેલા જીવંત ઝાડની માફક તે દિવસે, મોમીન, પોતાન સુર્યનાં આગમન અને ઝહુરત સાથે આલમે અલવી (ઉચી દુનિયા)માં હશે અને પોતાની આંખો, હ. કાયમ અલહીસલામ ઉપર નિરંતર ટકે એવાં સુખ મેળવવા માટે ઠેરવેલ હશે; જ્યારે પાપી જીવાત્મા આલમે અલવી યાને ઉચી દુનિયામાં પેલાં મરેલાં ઝાડની માફક હંમેશાં એજ ફિકર અને ચિંતામાં હશે કે આવતી કાલે, કે જ્યારે હ. કાયમ ઝહુર ફરમાવશે ત્યારે કદાચ મને બાળવામાં આવશે.

આ બધાં કારણોને લીધે મનુષ્ય આત્મા આ કિતાબમ અમે આપેલા છ પ્રકરણો બરાબર સમજશે અને તેમાં દર્શાવેલા બોધ મુજબ અંતઃકરણપુર્વક અમલ કરશે તો તે શાંતિ મેળવશે.

જે માણસ ખુદાઈ કલમાની (સતશબ્દ) અગત્યતાને પિછાણે છે અને તવહીદ યાને ખુદાનું "એક હોવા"નું જ્ઞાન મેળવીને "અકલ" સાથેનો મેળાપ સાધે છે તેનો એમાં મુખ્ય હિસ્સો છે. નફ્સે કુલના મર્તબાના અને તેના યાને નફ્સે કુલના "અકલ"ના દરજ્જાએ પહોંચવાના પ્રયત્નોના પોતાના જ્ઞાનના પ્રતાપે તે આ જગતની ઉત્પત્તિ જે હેતુસર છે તે હેતુ બરાબર સમજી જશે; તે પોતાની શંકાઓ અને વ્હેમોથી પાક બનશે અને જે ગુણ નફ્સે કુલને લાયક ગણી શકાય તેવો ગુણ ખુદાવંદતઆલાને તે કદી પણ લાગુ પાડશે નહિ ને નફ્સે કુલને સ્વયં હઈયાતીનાં મુળ તરીકે, તેના પોતાના અસ્તિત્વનાં પરિભ્રમણના જ્ઞાનથી, તે જાણી શકશે.

પોતે આ દુનિયામાં ક્યાંથી આવેલ છે અને પોતાને ક્યાં જવાનું છે તે સંબંધમાં હવે વધુ વખત ગુંચવાડા કે વહેમમાં તે પડશે નહિ. તે ખુદાના રસુલો, વસીઓ અને ઈમામોના દરજ્જા અને તેની તાબેદારીની અગત્યના જ્ઞાનમાં સદા મગ્ન રહેશે. આ મુજબ સતપંથે ચાલવાથી અને ઈમામની શનાખત મળવાથી અને સજાથી વાકેફ હોવાથી તે પોતાનો બદલો મેળવશે; બદલા માટે તે ઘણો આરઝુમંદ બનશે અને ખરાબ કામના નતીજાથી ડરીને ચાલશે. આ છ પ્રકરણોના જ્ઞાનથી તે આ પ્રમાણે

ઉપલી દુનિયા યાને આલમે અલવીમાં નિવાસ કરવાને પસંદ કરાયેલાની લાયકાત મેળવશે અને જેમ એ છ વિભાગી (શષ્ટ કોણ) વર્તુળ સંપુર્ણ બને છે જેમ ભૌતિક વસ્તુઓ પોતાની છ બાજુ ધરાવવાથી સંપૂર્ણ બને છે, તેમ સંપૂર્ણ બનશે.

એજ મુજબ ઝમાનાના ધણી, ખુદાના દોસ્ત અને અકલના ભેરૂ, **ઈમામ અલ મુસ્તનસિર બિલ્લાહ** મઅ-આદ્દબ અબિતમીમ, અમીરૂલ મોમનીન-જેના ખરા બંદાઓ અને પાક સાથીઓ ઉપર ખુદતઆલાનાં આશિર્વાદ ઉતરો-ની કૃપાથી, આ છ પ્રકરણોની મદદથી, બાબતો એક બીજાને સાનુકુળ થાય એવી રીતે ખરેખર ખ્યાલ ઘડનાર મનુષ્યનો આત્મા અમર બની જશે.

ઝમાનાના ધણી-હાજર ઈમામના ગુલામ કે જેને પુર્વના વિભાગનું દઆવતનું કામકાજ તેની મદદ અને દયાથી સોંપવામાં આવેલ છે તેના તરફથી રચાયેલ આ કૃત્તિ અહિં સમાપ્ત થાય છે.

*(આ કિતાબની નકલ ઉતારવાનું કાર્ય સોમવાર તા. ૧૮મી રબિય્યુલ આખર હિ. સ. ૧૧૯૫ (ઈસ્વી સન તા. ૧૩-૪-૧૭૮૨ ના પુર્ણ કરવામાં આવ્યું.)*

**(સમાપ્ત)**